RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 17-08-2026 I VOL : 12 I Issue : 152 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

આત્મવિશ્વાસ સૌથી મોટી શક્તિ છે. સપનાઓને પાંખો મહેનતથી મળે છે.


3 
3 વર્ષમાં 18,491 કરોડની GST ચોરી અને 11,150 ઉદ્યોગોને તાળાં

4 
2014 પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની તાકાતનું સામ્રાજ્ય

6 
હિપ ઇજા પછી રશ્મિકા મંદાનાનું દર્દ છલકાયું: ફેન્સમાં ચિંતા

7 
બાંગ્લાદેશે પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં કાંગારુઓને પછાડ્યા...


## એક નજર...

### પોલ્કા ડોટ ગાઉનમાં માનુષી છિલ્લરનો સિઝલિંગ લુક



માનુષી સમયની સાથે બોલ્ડ બની રહી છે. એક તરફ, માનુષીએ તેના કામના પ્રોજેક્ટ્સને કારણે હેડલાઈન્સ બનાવવાનું શરૂ કર્યું છે, તો બીજી તરફ, તેના દેખાવ પણ લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. માનુષી તેના ફેન્સ સાથે જોડાયેલા રહેવા માટે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. ચાહકોને લગભગ દરરોજ તેનો બોલ્ડ લુક જોવા મળે છે. હવે ફરી માનુષીએ કિલર લુક બતાવ્યો છે.

### વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તન, ગાળા-ગાળી અને હિંસા થઈ

# સરકારની હિંસા સામે મજબૂતીથી ઊભા રહેલા ભારતના યુવાનોનું સાહસ પ્રશંસનીય છે: રાહુલ

**રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ સાથેની વાતચીતનો વીડિયો પણ શેર કર્યો. આ વિદ્યાર્થીઓએ ગયા મહિને પેપર લીકના મુદ્દે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે પ્રદર્શન કર્યું હતું**

નવી દિલ્હી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું કે સરકારની હિંસા સામે મજબૂતીથી ઊભા રહેલા ભારતના યુવાનોનું સાહસ પ્રશંસનીય છે. તેમણે વધુમાં કહ્યું કે ભાજપના લોકોની ગેરવર્તણૂક, ગાળા-ગાળી અને હિંસાનો સામનો કરનારી વિદ્યાર્થિનીઓની પણ પ્રશંસા થવી જોઈએ. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ સાથેની વાતચીતનો વીડિયો પણ શેર કર્યો. આ વિદ્યાર્થીઓએ ગયા મહિને પેપર લીકના મુદ્દે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે પ્રદર્શન કર્યું હતું. રાહુલ અને વિદ્યાર્થીઓ વચ્ચે આ વાતચીત 5 ઓગસ્ટે થઈ હતી, પરંતુ તેનો વીડિયો તેમણે આજે શેર કર્યો છે. રાહુલ ગાંધીએ 5 ઓગસ્ટે દિલ્હીમાં 10 જનપથ પર જંતર-મંતરના પ્રદર્શનકારીઓ સાથે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું કે 20 જુલાઈએ થયેલા કોકરોચ પાર્ટીના પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર લાઠી-પેલેટ ગનથી હુમલો કરવામાં આવ્યો હતો. રાહુલ પોતાની સાથે ચાર પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મીડિયા સામે લાવ્યા હતા. એક વિદ્યાર્થિનીએ કહ્યું- ભારત માતા કી જય બોલવા પર અમને દેશદ્રોહી કહેવામાં આવ્યા. અમે શાંતિથી ચાલી રહ્યા હતા ત્યારે એક પોલીસ અધિકારીએ અમારી સાથે મારામારી કરી. દિલ્હીના જંતર-મંતર પર CJPએ 20 જૂનથી 25 જુલાઈ સુધી, સતત 36 દિવસ સુધી ધરણાં કર્યા હતા. આ દરમિયાન હજારો વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનો આંદોલનમાં જોડાયા હતા. પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક પણ પ્રદર્શનમાં જોડાયા હતા.



## NEWS TRACK

### ઇન્ડોનેશિયામાં 7.7ના ભૂકંપ બાદ 24 કલાકમાં 341 આંચકા: 51નાં મોત, લોકો તાડપત્રી નીચે રહેવા મજબૂર

ઈન્ડોનેશિયાના પૂર્વ ભાગમાં આવેલા 7.7 ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે ભારે તબાહી મચાવી છે. 15 ઓગસ્ટે સવારે આવેલા આ ભૂકંપના કારણે ઓછામાં ઓછા 51 લોકોના મોત થયા છે, જ્યારે 5,000 થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. પૂર્વ નુસા તેંગારા પ્રાંતમાં આવેલા આ ભૂકંપને પગલે અનેક વિસ્તારોમાં રસ્તાઓ બંધ થઈ ગયા છે અને મોટા પાયે ભૂસ્ખલન થયું છે. ડેપ્યુટી હેલ્થ મિનિસ્ટર બેન્જામિન પોલસ ઓક્ટેવિયનસના જણાવ્યા અનુસાર, દુર્ઘટનામાં 36 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને 77 લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે. મુખ્ય ભૂકંપ બાદ વિસ્તારમાં 341 આફ્ટરશોક્સ પણ અનુભવાયા હતા. વર્ષ 2022 માં પશ્ચિમ જાવા બાદ ઈન્ડોનેશિયામાં આવેલો આ સૌથી ભયાનક અને જીવલેણ ભૂકંપ માનવામાં આવે છે. આપત્તિ વ્યવસ્થાપન એજન્સી BNPBના જણાવ્યા મુજબ, સિક્કા વિસ્તારમાં 3,300 થી વધુ લોકોએ સુરક્ષિત સ્થળોએ આશરો લીધો છે અથવા તેમને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાખવામાં આવ્યા છે.

### વર્જિનિયા યુનિવર્સિટી અને મિશિગનમાં અંધાધૂંધ ગોળીબાર, 6 લોકોના દર્દનાક મોત

મેટાને ભારતમાં પોતાના પ્લેટફોર્મ ચલાવવા માટે માત્ર તેની ગ્લોબલ પોલિસી પર નિર્ભર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેણે ભારતીય કાયદાઓનું પણ પાલન કરવું પડશે. મેટા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) વચ્ચે થયેલી બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ વાત સ્પષ્ટ કરી છે. જોકે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સરકારે મેટાને તેના એલ્ગોરિધમમાં સંપૂર્ણ ફેરફાર કરવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી. કન્ટેન્ટ મોડરેશનમાં ભારતની જરૂરિયાતોનું ધ્યાન રાખવું જરૂરી. સરકારનો મુખ્ય ભાર એ વાત પર છે કે, મેટાની કન્ટેન્ટ પોલિસી, પ્લેટફોર્મ ગાઈડલાઈન્સ અને મોડરેશન સિસ્ટમ ભારતીય કાયદાઓને અનુરૂપ હોય. અધિકારીઓનું કહેવું છે કે, ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઈનપુટ વધારવાની જરૂર છે. ખાસ કરીને ભારતીય ભાષાઓ અને સાંસ્કૃતિક બાબતોને સમજવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશમાં કામ કરતી ટીમો ઘણીવાર ભારતના સ્થાનિક અને સાંસ્કૃતિક સંદર્ભને સંપૂર્ણ રીતે સમજી શકતી નથી.

## ભાજપના સ્વતંત્રતા દિવસ કાર્યક્રમમાં અશ્લીલ ડાન્સ

### યુવક ડાન્સરને ફ્લાઈંગ કિસ કરતો રહ્યો, નેતાઓ મંચ પર બેસીને તમાશો જોતા રહ્યા

લુધિયાણા

લુધિયાણામાં સ્વતંત્રતા દિવસના અવસરે BJPના એક કાર્યક્રમમાં ડાન્સનો વીડિયો સામે આવ્યા બાદ વિવાદ ઊભો થયો છે. વીડિયોમાં મંચ પર BJPના નેતાઓ બેઠેલા જોવા મળી રહ્યા છે, જ્યારે ત્રણ યુવતીઓ ભોજપુરી ગીત પર ડાન્સ કરી રહી છે. તેમાંથી એક યુવતીના ડાન્સને લઈને વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. વીડિયોમાં એક યુવક યુવતી તરફ સતત ફ્લાઈંગ કિસ કરતો દેખાઈ રહ્યો છે. યુવતી પણ મંચ પરથી હસતી જોવા મળી રહી છે. આ દરમિયાન મંચ પર બેઠેલા BJP નેતાઓએ તેને રોકવાનો પ્રયાસ કર્યો નહીં. જણાવવામાં આવી રહ્યું છે કે લગભગ 5 મિનિટ સુધી યુવતી ડાન્સ કરતી રહી અને યુવક સામેથી ફ્લાઈંગ કિસ કરતો રહ્યો. બાદમાં મંચ પર બેઠેલા BJPના જિલ્લા ઉપાધ્યક્ષ ડો. નિર્મલ નૈયરે આયોજકોને દેશભક્તિના ગીતો વગાડવા કહ્યું. કાર્યક્રમ સાઉથ હલકાના ગ્યાસપુરામાં થયો હતો. જેમાં BJPના નવનિયુક્ત પ્રદેશ મહાસચિવ રજનીશ ધીમાન અને જિલ્લા પ્રમુખ સુનીલ મોદગિલ પણ હાજર રહ્યા હતા.



## યુપીના 75 જિલ્લાઓમાં ભારે વરસાદ: 11 નદીઓ ગાંડીતૂર

લખનઉ

યુપીમાં ચોમાસાના વરસાદને કારણે ગંગા, યમુના અને શારદા સહિત 11 નદીઓ છલકાઈ રહી છે. વારાણસીમાં 100થી વધુ નાના મંદિરો પાણીમાં ડૂબી ગયા છે. આજે રાજ્યના તમામ 75 જિલ્લામાં વરસાદનું એલર્ટ છે. મધ્યપ્રદેશમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ ગયો છે.



રાજ્યના પૂર્વીય ભાગો જબલપુર, રીવા, શહડોલ અને સાગર વિભાગમાં ચોમાસાની મજબૂત સિસ્ટમ સક્રિય છે. 12 જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે, રાજસ્થાનના જોધપુર, કોટા, ઉદયપુર, અજમેર અને બિકાનેર સહિત 18 જિલ્લામાં યલો એલર્ટ છે. હિમાચલ પ્રદેશમાં શુક્રવારે બિલાસપુર-સોલન સરહદ નજીક ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયા બાદ 114 રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. 30 જૂને રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધી વરસાદ સંબંધિત અકસ્માતોમાં 78 લોકોના મોત થયા છે. બીજી તરફ, ઓડિશામાં છેલ્લા બે દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે છ જિલ્લામાં પૂર આવ્યું છે. પ્રશાસને 41,000થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે. પૂરની અસર બાલાસોર, મયુરભંજ, ભદ્રક, જાજપુર, સુંદરગઢ અને કેઓંઝર જિલ્લાના 429 ગામો પર પડી છે.

### બંગાળના કૂચબિહારમાંથી 3 શંકાસ્પદ ISI એજન્ટ ઝડપાયા

પટના

પશ્ચિમ બંગાળના કૂચબિહાર જિલ્લામાં રાજ્ય પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે સંકળાયેલા 3 શંકાસ્પદોની ધરપકડ કરી છે. તેમની ઓળખ રાશિદુલ હક, નૂર નસીરુદ્દીન અલી અને શફીકુલ ઈસ્લામ તરીકે થઈ છે. તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્રણેય ભારતમાં ISI એજન્ટ તરીકે ગુપ્ત રીતે કામ કરી રહ્યા હતા. તેમના પર બાંગ્લાદેશના રસ્તે ભારતીય મોબાઈલ સિમ કાર્ડ પાકિસ્તાન મોકલવાનો આરોપ છે. આ ત્રણેય આરોપીઓ નકલી નોટો પણ બનાવતા હતા. ત્રણેય આરોપીઓને સ્વતંત્રતા દિવસ પહેલા શુક્રવારે મોડી સાંજે ઉત્તર બંગાળના દિનહાટા વિસ્તારના સાહેબગંજમાંથી પકડવામાં આવ્યા હતા. તેમને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્રણેયને 14 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. બંગાળ પોલીસે છેલ્લા એક મહિનામાં આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા હોવાની શંકામાં ઘણા લોકોને પકડ્યા છે. આ પહેલા 31 જુલાઈએ પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને શહઝાદ ભટ્ટી ગેંગ સાથે સંકળાયેલા ઓપરેટિવ હામિમ મંડલને બર્ધમાનથી ધરપકડ કરવામાં આવી હતી.

## 80મા સ્વતંત્રતા દિવસના ઐતિહાસિક અવસરે લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન મોદીનું સંબોધન

### મોદીના ભાષણમાં છવાયા યુવાઓ:PMએ AI ટ્રેનિંગ, ફ્રી કોચિંગ, સસ્તો ડેટા અને સ્પોર્ટ્સ ટેલેન્ટ હંટ જેવી Gen Zને આપી ગિફ્ટ

નવી દિલ્હી

80મા સ્વતંત્રતા દિવસના ઐતિહાસિક અવસરે લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન આ વખતે દેશની 'Gen-Z' (યુવા પેઢી), વિદ્યાર્થીઓ અને રિસર્ચરો પર સંપૂર્ણપણે કેન્દ્રિત જોવા મળ્યું. પીએમ મોદીએ પોતાના ભાષણમાં સ્પષ્ટ કર્યું કે ભારતને 'વિકસિત ભારત @2047' બનાવવાની ચાવી દેશના યુવાનો અને વિદ્યાર્થીઓના હાથમાં છે. શિક્ષણ, રિસર્ચ, ડિજિટલ કનેક્ટિવિટીથી લઈને વૈશ્વિક સ્તરની તકો સુધી, પીએમ મોદીએ લાલ કિલ્લા પરથી યુવાનો માટે એક મોટા વિઝનનો ખ્યાલ રજૂ કર્યો. જાણો લાલ કિલ્લાની પ્રાચીર પરથી Gen-Z અને વિદ્યાર્થીઓને મળેલી 5 મોટી ભેટો શું છે? સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ અને ગરીબ પરિવારના યુવાનો માટે પીએમ મોદીએ એક ઐતિહાસિક જાહેરાત કરી. વડાપ્રધાને કહ્યું, 'અમે દેશમાં ફ્રી કોચિંગ આપવા માટે એક મોટું નેટવર્ક ઊભું કરીશું. અમારો લક્ષ્ય ગરીબમાં ગરીબ સુધી સારું શિક્ષણ પહોંચાડવાનો છે. યુવાનો માટે વિવિધ પરીક્ષાઓની ફ્રી ઓનલાઈન કોચિંગ અને ડિજિટલ તૈયારીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે. 80મા સ્વતંત્રતા દિવસના ઐતિહાસિક અવસરે લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન આ વખતે દેશની 'Gen-Z' (યુવા પેઢી), વિદ્યાર્થીઓ અને રિસર્ચરો પર સંપૂર્ણપણે કેન્દ્રિત જોવા મળ્યું. પીએમ મોદીએ પોતાના ભાષણમાં સ્પષ્ટ કર્યું કે ભારતને 'વિકસિત ભારત @2047' બનાવવાની ચાવી દેશના યુવાનો અને વિદ્યાર્થીઓના હાથમાં છે. શિક્ષણ, રિસર્ચ, ડિજિટલ કનેક્ટિવિટીથી લઈને વૈશ્વિક સ્તરની તકો સુધી, પીએમ મોદીએ લાલ કિલ્લા પરથી યુવાનો માટે એક મોટા વિઝનનો ખ્યાલ રજૂ કર્યો.

### CJI બોલ્યા- 80 વર્ષમાં દેશે અનેક પડકારો પાર કર્યા

નવી દિલ્હી

CJI સૂર્યકાંતે કહ્યું કે દેશે છેલ્લા 8 દાયકામાં અનેક મુશ્કેલ પડકારો પાર કર્યા છે, પરંતુ હજુ ઘણું કામ બાકી છે. યુવા કાયદા સ્નાતકો અને વકીલોએ ભવિષ્યની જવાબદારીઓ સંભાળવા માટે તૈયાર રહેવું જોઈએ. CJI સુપ્રીમ કોર્ટ કેમ્પસમાં સ્વતંત્રતા દિવસ પર ધ્વજ ફરકાવ્યા બાદ ભાષણ આપી રહ્યા હતા. આયોજન સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું. CJIએ કહ્યું, "દેશની યાત્રા તેની સિદ્ધિઓ સાથે સમાપ્ત થતી નથી. દરેક સિદ્ધિ પોતાની સાથે જવાબદારી અને કર્તવ્યનો નવો અહેસાસ લાવે છે. હજુ ઘણું કરવાનું બાકી છે અને આગળની સફરમાં ઘણા માઈલ કાપવાના છે." યુવા વકીલોને સંબોધિત કરતા CJI સૂર્યકાંતે કહ્યું કે સ્વતંત્રતા સંગ્રામના સમયથી બાર દ્વારા જે જવાબદારી નિભાવવામાં આવી છે, તે ટૂંક સમયમાં તેમના ખભા પર આવશે. CJIએ કહ્યું, "બાર અને બેન્ચ તમારા વિકાસ માટે પ્રતિબદ્ધ છે. અમે તમને માર્ગદર્શન આપીશું, તમારા માટે સાર્થક તકો ઊભી કરીશું.




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## નસવાડી, ક્વાંટ અને છોટા ઉદેપુરનો રોડ બિસ્માર બનતાં વાહનચાલકો ત્રસ્ત, રસ્તા પર ખાડાઓથી અકસ્માતનો ભય

છોટા ઉદેપુર

છોટા ઉદેપુર જિલ્લાના ત્રણ મહત્ત્વના વિસ્તારોને જોડતો 28 કિલોમીટર લાંબો નસવાડી, ક્વાંટ અને છોટા ઉદેપુર માર્ગ હાલ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. રસ્તા પર ઠેર-ઠેર પડેલા મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેટ આર એન્ડ બી (R&B) વિભાગની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. વાહનચાલકોના જણાવ્યા નુસાર, રસ્તા પરના ખાડાઓથી બચવા માટે અચાનક વાહન સાઈડમાં કે આગળ-પાછળ લેવું પડે છે, જેના કારણે સામે કે પાછળથી આવતા વાહનો સાથે અથડામણ થવાની અને મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સતત રહે છે.બિસ્માર રસ્તાના કારણે વાહનોના ટાયર અને સસ્પેન્શન તૂટી જતાં વાહનચાલકોને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખરાબ રસ્તાને કારણે મુસાફરીનો સમય અને બળતણનો ખર્ચ પણ વધી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રસ્તા પરના ખાડા ઝડપથી પૂરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હોવાના દાવા કરાય છે, છતાં જમીની હકીકત તદ્દન અલગ છે. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે સ્ટેટ આર એન્ડ બી વિભાગના અધિકારીઓ કે એક્ઝિક્યુટિવ ઈજનેર કચેરીમાંથી બહાર નીકળીને વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરવાની તસ્દી લેતા નથી. દર વર્ષે માર્ગોની જાળવણી અને ખાડા પૂરવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, છતાં કાગળ પર થતી કામગીરી જમીન પર દેખાતી નથી. વાહનચાલકો અને સ્થાનિક લોકોની માગ છે કે સ્ટેટ આર એન્ડ બી વિભાગના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરે.

### 25 વર્ષ બાદ ગુજરાતના CMનો અમેરિકા પ્રવાસ

# ભુપેન્દ્ર પટેલ અમેરિકા-કેનેડામાં ઉદ્યોગપતિઓ-રોકાણકારોને વાઈબ્રન્ટ સમિટમાં આમંત્રિત કરશે

ગાંધીનગર

25 વર્ષ બાદ ગુજરાતના મુખ્યમંત્રીનો અમેરિકા પ્રવાસ ગયા છે. CM ભૂપેન્દ્ર પટેલ 17થી 24 ઓગસ્ટ દરમિયાન અમેરિકા અને કેનેડાના પ્રવાસે ગયા છે. તેઓ 16 ઓગસ્ટની વહેલી સવારે 4:40 કલાકે અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અમેરિકા જવા રવાના થયા છે. મુખ્યમંત્રી દુબઈ થઈને અમેરિકાના કેલિફોર્નિયા પહોંચશે.

આ પ્રવાસ દરમિયાન તેઓ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત વિદેશી ઉદ્યોગકારો અને રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ આપશે. ગુજરાતમાં ઉદ્યોગો અને રોકાણ વધારવા માટેના વિવિધ અવસર અંગે વિદેશી ઉદ્યોગજગત સાથે ચર્ચા કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો અમેરિકા પ્રવાસ ઐતિહાસિક બન્યો છે, કારણ કે 1995 બાદ પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી સત્તાવાર અમેરિકા પ્રવાસે ગયા છે. અગાઉ તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે 1995માં અમેરિકા અને બાદમાં એપ્રિલ



2000માં પણ સત્તાવાર પ્રવાસ કર્યો હતો. ત્યારબાદ નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે 2005માં અમેરિકાએ તેને વિઝા આપ્યા નહોતા, જ્યારે આનંદીબેન પટેલે મુખ્યમંત્રી તરીકે પ્રથમ વિદેશ પ્રવાસ ચીનનો કર્યો હતો અને વિજય રૂપાણીએ રશિયાનો પ્રવાસ કર્યો હતો. હવે ભૂપેન્દ્ર પટેલના અમેરિકા-કેનેડા પ્રવાસ સાથે લગભગ 25 વર્ષ બાદ ગુજરાતના મુખ્યમંત્રીનો સત્તાવાર અમેરિકા પ્રવાસ થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુખ્ય સચિવ એમ. કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર અને અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે સહિત રાજ્યના ઉદ્યોગ-વેપાર જગતનું પ્રતિનિધિમંડળ અમેરિકા અને કેનેડાના પ્રવાસે ગયું છે.

પ્રવાસ દરમિયાન વોશિંગ્ટન ડી.સી., ન્યૂયોર્ક, સાન ફ્રાન્સિસ્કો અને ટોરેન્ટોમાં રોકાણકારો, ઉદ્યોગ મંડળો, ઉભરતી ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રણીઓ અને ગુજરાતી સમુદાય સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ તથા વન-ટુ-વન બેઠકો યોજાશે. આ બેઠકોમાં ગુજરાતની રોકાણની તકો અને વિકાસગાથા રજૂ કરી વિદેશી મૂડીરોકાણ વધારવા તેમજ જાન્યુઆરી 2027માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આંતરરાષ્ટ્રીય રોકાણકારોને આમંત્રણ આપવા પર ભાર મૂકવામાં આવશે.

મુખ્યમંત્રીના અમેરિકા-કેનેડા પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળમાં સામેલ અધિકારીઓના મહત્વપૂર્ણ વિભાગોનો વહીવટ ચાલુ રહે તે માટે સરકારે વૈકલ્પિક ચાર્જની વ્યવસ્થા કરી છે. આ આદેશ સામાન્ય વહીવટ વિભાગે રાજ્યપાલના નામે જારી કર્યો છે.

ડૉ. ટી. નટરાજન (IAS) ની ગેરહાજરી દરમિયાન ડૉ. અંજુ શર્મા (IAS) ને નાણાં વિભાગનો વધારાનો ચાર્જ સોંપાયો છે. મમતા વર્મા (IAS) ના સ્થાને રાજીવ ટોપનો (IAS) ને ઉદ્યોગ અને ખાણ વિભાગનો ચાર્જ આપવામાં આવ્યો છે. સંજીવ કુમાર (IAS) ની ગેરહાજરીમાં અરુણકુમાર એમ. સોલંકી (IAS) ને ગૃહ વિભાગનો વધારાનો ચાર્જ સોંપાયો છે. તે જ રીતે સ્વરૂપ પી. (IAS) ની ગેરહાજરી દરમિયાન પ્રવીણા ડી.કે. (IAS) ને ઉદ્યોગ કમિશનરનો ચાર્જ સોંપાયો છે. ડૉ. વિક્રાંત પાંડે (IAS) ના સ્થાને ડૉ. અજય કુમાર (IAS) ને માહિતી અને પ્રસારણ વિભાગનો ચાર્જ આપવામાં આવ્યો છે. ઉપરાંત ગુજરાત સરકારના નવી દિલ્હી સ્થિત રેસિડેન્ટ કમિશનરના ચાર્જ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને ડૉ. સંધ્યા ભુલ્લર (IAS) ને કમિશનર, હેલ્થ (અર્બન) તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

## વાપીના સલવાવમાં 2-3 દિવસથી રહેણાક વિસ્તારમાં લટાર મારતો દીપડો પાંજરે પૂરાયો, લોકોએ લીધો રાહતનો શ્વાસ

વાપી

વાપી મહાનગરપાલિકા વિસ્તારના સલવાવ ખાતે આવેલ ધોડિયાવાડમાં 2-3 દિવસ અગાઉ દીપડો લટાર મારતો દેખાતાં લોકોમાં ભય ફેલાયો હતો. વન વિભાગે પાંજરું ગોઠવ્યા બાદ શનિવારે સાંજે દીપડો પાંજરે પૂરાતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મળતી માહિતી મુજબ, વાપીના સલવાવના રહેણાક વિસ્તાર ધોડિયાવાડમાં 2-3 દિવસ અગાઉ દીપડો દેખાયાની વાત વાયુવેગે ફેલાઈ ગઈ હતી, જેને પગલે લોકોમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતાં અધિકારીઓ અને ટીમ ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં અને દીપડાને પકડવા માટે કવાયત હાથ ધરી હતી.

વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવી હાથ ધરાયેલી કામગીરી દરમિયાન શનિવારે સાંજે દીપડો પાંજરે પૂરાઈ ગયો હતો. આ બાબતની જાણ થતાં જ સ્થાનિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. દીપડો પકડાઈ જતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ત્યારબાદ વન વિભાગે દીપડાનો કબજો મેળવી પશુ ચિકિત્સક પાસે તેનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવ્યું હતું. જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વન વિભાગ દ્વારા દીપડાને સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

### આંગણવાડી કર્મચારીઓનું ઉગ્ર આંદોલનનું એલાન

## ગાંધીનગરમાં રાજ્ય લેવલની કારોબારી બેઠકમાં નિર્ણય, ચાર વર્ષથી અટકેલા વેતનવધારા અને શોષણ સામે લડત આપશે..

ગાંધીનગર

અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘ દ્વારા રાજ્યભરની આંગણવાડી બહેનોના પડતર પ્રશ્નો અને શોષણ સામે આક્રમક લડત લડવા માટેનું રણશિંગુ ફૂંકી દેવામાં આવ્યું છે. આજે અડાલજ ખાતે ત્રિમૂર્તિ મંદિર ખાતે દાદાભગવાન ટાઉનશિપના ડોરમેટ્રી હોલમાં અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘની રાજ્ય લેવલની કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં છેલ્લા ચાર વર્ષથી ટલ્લે ચડેલા વેતનવધારા, બિનજરૂરી કામના ભારણ તેમજ આંગણવાડી કાર્યકર અને તેડાગરોના થઈ રહેલા શોષણ સામે હક્કોના રક્ષણ માટે ઉગ્ર લડતની રણનીતિ ઘડવામાં આવી છે. અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘના પ્રમુખ કિરણ કવિ અને મહામંત્રી સીતાબેન ચૌહાણ દ્વારા જણાવાયું છે કે, વર્ષ 2022માં અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘ દ્વારા સોળ દિવસની સંપૂર્ણ તાળાબંધીની હડતાળ કરવામાં આવી હતી, જેના પરિણામે વેતન વધારો થયો હતો. ત્યારબાદ વારંવાર માંગણીઓ કરવા છતાં સરકાર દ્વારા કોઈ પરિણામલક્ષી કાર્યવાહી કરવામાં આવી નથી. એટલું જ નહીં ગુજરાત હાઈકોર્ટના હુકમનો સમયમર્યાદામાં અમલ કરવાને બદલે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલે છે, તેવા બહાના આગળ ધરીને વેતન વધારા પર પાણી ફેરવી દેવામાં આવ્યું છે. વહીવટી તંત્રની આળસ અને ઉદાસીનતાના કારણે અનુભવી અને લાયકાત ધરાવતી કાર્યકરો તથા તેડાગરોને નામ નિયુક્તિમાં જાણી જોઈને મોડું કરવામાં આવી રહ્યું છે. વયમર્યાદાના બિનતાર્કીક અને અન્યાયપૂર્ણ પરિપત્રને આધારે તેમને મળવાપાત્ર લાભોથી વંચિત રાખીને હળાહળ અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો રોષ પણ સંઘ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. જ્યારે પણ કર્મચારીઓ દ્વારા કોઈ ન્યાયિક માંગણી કરવામાં આવે છે. ત્યારે તે પૂરી કરવાના બદલે તેમના પર નવી કામગીરીનો બોજ નાખી દેવામાં આવે છે. છ-છ મહિના સુધી બિલની રકમ ચૂકવવામાં આવતી નથી અને સામે મેનુ પ્રમાણે નાસ્તો ન હોવાની નોટિસો ફટકારવામાં આવે છે.

### બોટાદ LCB પોલીસને મળી મોટી સફળતા

## બોટાદ LCB એ 8 ચોરાયેલા વાહનો સાથે એક આરોપીને ઝડપી પાડ્યો!

બોટાદ, વિપુલ લુહાર

ભાવનગર રેન્જના આઈ.જી. પી. રાજેન્દ્ર અસારી ની સુચના તથા બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તથા ચોર ઈસમો વિરૂધ્ધ ઝીરો ટોલરન્સ ની નીતીના ભાગરૂપે, બોટાદ LCB ના પોલીસ ઈન્સપેક્ટર જી.એમ.પાવરા અને તેમની ટીમ દ્વારા મો.સા. ચોરી કરનાર ઈસમને ચોરીના મો.સા. નંગ 8 રૂ.2,05,000 ના ચોરીના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. આરોપીની અન્ય ચોરીના મો.સા. બાબતે પુછપરછ કરતા પકડાયેલ મો.સા. સિવાય અન્ય 8 મો.સા. ચોરીને પોતાના ઘરે રાખેલ હોવાની હકીકત જણાવતા આરોપીના ઘરેથી અન્ય 7 મો.સા. તથા 1 મો.સા. નો ભંગાર મળી કુલ રૂ. 2,05,000 નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં



આવેલ છે. આ આરોપીએ મોટરસાયકલ ની ચોરી બોટાદ,સુરત અને ભાવનગર કરેલ છે પોલીસે આરોપીને ઝડપી લઈને તમામ મુદ્દામાલ કબ્જે કરી આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાંતા તાલુકામાં કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખની વરણી થતાં લોકોમાં ખુશીની લહેર

દાંતા

મોટા નેતાઓ પણ અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચી રહ્યા છે તાજેતરમાં કોંગ્રેસ ના સ્થાનિક અને તાલુકા માં નિમાયેલા નવનિયુક્ત પદાધિકારીઓ ના શપથ વિધિ માટે તેમજ સન્માન માટે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ દાંતા પહોંચ્યા હતા બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પહોંચ્યા આ સન્માન સમારોહમાં પહોંચ્યા હતા પાર્ટી પક્ષ હવે ઊંડાણ સુધી જઈ નાનાથી નાના કાર્યકર્તાને યાદ કરવાનું કે તેમને સન્માન હોવાનું શરૂ કર્યું છે આજે કોંગ્રેસ ની દાંતા ના રતનપુર ખાતે થી એક કીલોમીટર લાંબી રેલી યોજાઈ હતી દાંતા,હડાદ અને અંબાજી વિસ્તારમાં કોંગ્રેસના નવનિયુક્ત અધિકારીઓના શપથ ગ્રહણ કરાવ્યા હતા અને તેમનો જુસ્સો વધારવા સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસની હયાત બેઠક દાંતા મતવિસ્તાર હાથમાંથી સરકી ન જાય તેવા પ્રયાસો હાથ ધર્યા કાર્યકર્તાઓને જણાવાયુ હતુ અને અંદરો અંદરની ફૂટફાટથી બચીને જે પક્ષ સાથે જોડાયા છીએ તેના વિકાસ માટે વિચારવું જોઈએ જોકે આ પ્રસંગે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમી ચાવડાએ ભાજપા સરકારને આડા હાથે લીધી હતી અને રાજ્યમાં ભ્રષ્ટાચાર સાથે દારૂના થયેલા વેપલા ને લઇ ભારે વાકબાણ છોડ્યા હતા, એટલું જ નહીં આવનારા સમયમાં છે રાજ્યમાં દારૂ ની બદી ચાલી રહી છે તેને લઈ જન આંદોલન છેડવાની પણ ચીમકી વિચારવામાં આવી હતી.

## 80માં સ્વાતંત્ર્ય પર્વની જીલ્લા કક્ષાની બોટાદમાં આન-બાન-શાનથી ઉજવણી

### બોટાદની સરકારી હાઈસ્કૂલ ખાતે જિલ્લા પ્રભારી મંત્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો

ગાંધીનગર

"હજારો જન્મોના હજારો પુણ્ય કર્મોના ફળરૂપે અહીં ભારતની ભૂમિ પર મનુષ્ય અવતાર પ્રાપ્ત થાય છે." ભારતની આ પાવન ધરતી પર 80 મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે બોટાદની સરકારી હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને આન-બાન-શાનથી કરવામાં આવી હતી.




કાર્યક્રમનો શુભારંભ જિલ્લા પ્રભારી મંત્રી રિવાબા જાડેજાના હસ્તે ધ્વજારોહણથી થયો હતો. ત્યારબાદ તેમણે પરેડનું નિરીક્ષણ કરી ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય, શિક્ષણ, ખેતી, ઉદ્યોગ સહિતના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને બિરદાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રભારી મંત્રીના હસ્તે જિલ્લા કલેકટર હર્ષદ વોરાને જિલ્લાના વિકાસ કાર્યો માટે રૂ.ઊ 25 લાખનો ચેક પણ અર્પણ કરવામાં આવ્યો હતો. બોટાદવાસીઓને સંબોધતા જિલ્લા પ્રભારી મંત્રી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, "આઝાદીના અમૃત પર્વની આપણે ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણું ગુજરાત રાજ્યે પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનું અગ્રીમ યોગદાન આપી ચૂક્યું છે. આજે પ્રધાનમંત્રીના વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવા બોટાદ જિલ્લો નવા પ્રગતિના આયામો સર કરી રહ્યો છે."તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રાદેશિક શક્તિને વૈશ્વિક તકો સાથે જોડવાના ઉદ્દેશથી યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત બોટાદ જિલ્લામાં રૂ.300 કરોડના રોકાણ માટે 11 MSME એકમો દ્વારા MOU સાઈન કરવામાં આવ્યા છે.

## ભાવનગરની બજરંગદાસ હોસ્પિટલના કારનામા બાદ કલેક્ટરનો માસ્ટરસ્ટ્રોક!!

### મેડિકલ નેગ્લિજન્સ કમિટીના 'ક્લીન ચિટ' વાળા "શંકાસ્પદ સેટિંગ રિપોર્ટ" ને ફગાવી દઈ નવી કમિટીને તટસ્થ રીપોર્ટ આપવા કડક હુકમ સહીત SP ને આરોપી ડોક્ટરોના પાસપોર્ટ જપ્ત કરવા કડક આદેશ આપ્યો

ભાવનગર

નગરની ચર્ચિત બજરંગદાસ હોસ્પિટલ ખાતે ડો. નિસર્ગ શાહ સહિત તબીબોની ઘોર અને ગુનાહિત બેદરકારીના કારણે દર્દી સ્વ. રાધીકાબેન હરીતભાઈ જોશીના નીપજેલા શંકાસ્પદ મૃત્યુ કેસમાં તંત્ર દ્વારા કાનૂની સિકંજો અત્યંત મજબૂત કરવામાં આવ્યો છે. કેસની ગંભીરતાને ધ્યાને લઈ, આરોપી તબીબો કાનૂની કાર્યવાહીથી બચવા અને તપાસમાંથી છટકી જવા માટે ભારત દેશ છોડી વિદેશ ભાગી ન જાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (ADM), ભાવનગર દ્વારા પોલીસ અધિક્ષક (SP), ભાવનગર ને તાત્કાલિક 'લુક આઉટ સરક્યુલર' (LOC) જાહેર કરવા અને આરોપીઓના પાસપોર્ટ સીઝ કરવા કડક હુકમ કરવામાં આવ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, સ્વ. રાધીકાબેન એકદમ તંદુરસ્ત સ્થિતિમાં હોસ્પિટલમાં કમરના દુખાવા બાબત સારવાર અર્થે દાખલ થયા હતા, જ્યાં ઓપરેશન દરમિયાન ડો. નિસર્ગ શાહ સહિત તબીબોની ગંભીર લાપરવાહીના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટના બાદ સર ટી. હોસ્પિટલ પ્રશાસન દ્વારા તબીબોને બચાવવા માટે આંતરિક સેટિંગ કરી 'મેડિકલ નેગ્લિજન્સ કમિટી' પાસે બોગસ ક્લીન ચિટ રિપોર્ટ તૈયાર કરાવી લેવાયાના ગંભીર આરોપો ઊઠ્યા હતા. પીડિત પરિવારે ન્યાય માટે સળંગ ૧૦ મહિના સુધી સરકારી કચેરીઓના ધક્કા ખાધા હતા.

૧૦ મહિના બાદ કાયદાકીય પુરાવાઓ સાથે થયેલી પીડિત પરિવારના કાયદાકીય સલાહકારની ધડાકાબાર રજૂઆતોના પગલે કલેક્ટરશ્રી દ્વારા તા. ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ અગાઉનો સેટિંગ રિપોર્ટ રદબાતલ ઠેરવીને સમગ્ર કેસની તટસ્થ તપાસ માટે 'નવી મેડિકલ નેગ્લિજન્સ કમિટી' ગઠિત કરવાનો ઐતિહાસિક આદેશ કરાયો છે. નવી કમિટીની રચના થતાં જ કાનૂની ગાળિયાથી બચવા આરોપી તબીબો વિદેશ ભાગી જવાની પૂરેપૂરી આશંકા ઊભી થઈ છે. જેને ધ્યાને રાખી ADM કચેરી દ્વારા તા. ૩૦/૦૭/૨૦૨૬ના પત્ર ક્રમાંક BVN/0898/07/2026 થી SP ભાવનગરને સીધી સૂચના આપીને આરોપી તબીબો સામે દેશવ્યાપી LOC જાહેર કરવા અને તેમના પાસપોર્ટ ત્વરિત કબ્જે કરવા નિયમાનુસારની કાર્યવાહી કરવા જણાવાયું છે.

## કાલાવડ તાલુકના જીવાપરમાં જંતુનાશક દવાની ઝેરી અસરથી ખેડૂતનું અપમૃત્યુ

કાલાવડ

કાલાવડ તાલુકાના જીવાપર ગામે કપાસના પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતી વેળાએ ઝેરી અસર થતાં ખેડૂતની તબિયત લથડી હતી. સારવાર દરમિયાન ખેડૂતનું મોત નીપજતાં કાલાવડ ટાઉન પોલીસમાં અકસ્માતે મૃત્યુની નોંધ કરવામાં આવી છે. સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા, જ્યાં તેમનું મૃત્યુ થયું. આ અંગે કાલાવડ ટાઉન પોલીસે અકસ્માતે મૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, જીવાપર ગામના ગીરધરભાઈ વેલજીભાઈ ફળદુ (ઉ.વ.45), તા.4 ઓગસ્ટના રોજ પોતાની વાડીએ વાવેલા કપાસના પાકમાં 'પ્રોફેનો ફોર્સ' નામની જંતુનાશક દવાનો છંટકાવ કરી રહ્યા હતા. આ દરમિયાન દવાની ઝેરી અસર થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. બાદમાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે તેમના પિતા વેલજીભાઈ ગંગદાસભાઈ ફળદુએ કાલાવડ ટાઉન પોલીસમાં જાણ કરતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 194 મુજબ એ.ડી. નોંધ કરવામાં આવી છે. બનાવ અંગે પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એસ. જાડેજા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગોઝારો રવિવાર : અલગ-અલગ ઘટનાઓમાં ડૂબી જવાથી 6 માસૂમ સહિત 7 લોકોનાં મોત, રાજકોટ, આણંદ અને સેલવાસની ઘટના

### રવિવારે સેલવાસ, આણંદ અને રાજકોટ નજીક અલગ-અલગ દુર્ઘટનાઓમાં 7 લોકોના કરૂણ મોત નિપજ્યા છે. સેલવાસમાં સેલ્ફી લેતા 15 વર્ષીય કિશોરી, આણંદના રિસોર્ટમાં સ્વિમિંગ પૂલમાં 2 બાળકો, અને રાજકોટ પાસે જન્મદિવસની ઉજવણી દરમિયાન તળાવમાં ડૂબી જવાથી 4 લોકોના મોત થયા

અમદાવાદ

ગુજરાતમાં રવિવારે રજાના દિવસ દરમિયાન પ્રવાસે તેમજ દર્શનાર્થે ગયેલા પરિવારજનો માથે કાળ ત્રાટક્યો હોય તેમ જુદી-જુદી જગ્યાએ પાણીમાં ડૂબી જવાથી કુલ 7 લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં સેલવાસમાં સેલ્ફી લેવાના ચક્કરમાં કિશોરી, આણંદના રિસોર્ટમાં સ્વિમિંગ પૂલમાં બે માસૂમ બાળકો અને રાજકોટ નજીક જન્મદિવસની ઉજવણી દરમિયાન તળાવમાં ડૂબી જવાથી 4 લોકોના કરૂણ મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. આમ, અલગ-અલગ ઘટનાઓમાં ડૂબી જવાથી 6 માસૂમ સહિત 7 લોકોનાં મોત થયા છે.

સેલવાસના દમણગંગા રિવરફ્રન્ટ પર રજા માણવા ગયેલા મસાટ ગામના પરિવારની 15 વર્ષીય કિશોરી કાજલકુમારી જિતેન્દ્ર રામ ચેકડેમ નજીક મોબાઈલથી સેલ્ફી લઈ રહી હતી. આ દરમિયાન અચાનક તે નદીના ઊંડા પાણીમાં પડી જવાથી ડૂબવા લાગી હતી. સમગ્ર ઘટનાને લઈને પરિવારજનોની બૂમાબૂમ વચ્ચે ફાયર બ્રિગેડ અને પોલીસે શોધખોળ આદરી હતી. રાત્રે અંધારું થઈ જતાં કામગીરી અટકી હતી, પરંતુ રવિવારે(16 ઓગસ્ટ) સવારે ફાયરની ટીમે કિશોરીનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ચોમાસા દરમિયાન નદી કે દરિયા કિનારે જવા અને સેલ્ફી લેવા પર પ્રતિબંધ હોવા છતાં બેદરકારી જીવલેણ સાબિત થઈ રહી છે. આંકલાવ તાલુકાના ઉમેટા નજીક આવેલા 'કામધેનુ રિસોર્ટ' ખાતે વડોદરાના તાંદલજા વિસ્તારમાંથી શનિ-રવિની રજાઓ માણવા આવેલા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. રિસોર્ટમાં રોકાયેલા પરિવારના બે નાના બાળકો રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં નહાવા પડ્યા હતા અને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પરિવારે તાત્કાલિક બાળકોને બહાર કાઢી પોલીસની મદદથી હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. રાજકોટ નજીક વીડી વાળા પીરની દરગાહ પાસેના તળાવમાં ડૂબી જવાથી રોણકી ગામના એક જ પરિવારના ત્રણ બાળકો અને એક યુવાન સહિત ચાર લોકોના કરુણ મોત નિપજ્યા હતા.

પાક્કો ગુજરાત
સોમવાર | 17 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### 3 વર્ષમાં 18,491 કરોડની GST ચોરી અને 11,150 ઉદ્યોગોને તાળાં

# કોંગ્રેસ પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે આંકડા સાથે ભાજપ સરકારની બોગસ નીતિઓની પોલ ખોલી!

જો લોકો શાંતિપૂર્ણ રીતે ટાઉનહોલમાં પોતાની સમસ્યા રજૂ કરવા માંગતા હતા, તો કાર્યક્રમની પરવાનગી રાતોરાત રદ કરાવવાની જરૂર કેમ પડી?



ગાંધીનગર

ગાંધીનગરમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને વાઈબ્રન્ટ ગુજરાતના તાયફાઓ પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરતી ભાજપ સરકારના શાસનમાં રાજ્યના અર્થતંત્રનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે અખબારી યાદી જાહેર કરીને રાજ્ય સરકાર સામે ગંભીર આરોપો સાથે સનસનાટીભર્યા આંકડા રજૂ કર્યા છે. છેલ્લાં ૩ જ વર્ષમાં ગુજરાતની તિજોરીને જીએસટી ચોરીના નામે રૂ. ૧૮,૪૯૧ કરોડનો તોતિંગ ચૂનો લાગ્યો છે, જ્યારે બીજી તરફ રાજ્યની કરોડરજ્જુ સમાન ૧૧,૧૫૦ લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) બંધ થઈ જતાં લાખો પરિવારો રસ્તા પર આવી ગયા છે. ડૉ. હિરેન બેન્કરે સરકારની 'ઈયરલી વોર્નિંગ સિસ્ટમ' અને તંત્રની દાનત સામે આકરા સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫માં જીએસટી ચોરીના ૩,૨૮૧ કેસ હતા જે વર્ષ ૨૦૨૫-૨૬માં કુદકે ને ભૂસકે વધીને ૧૨,૫૧૧ થઈ ગયા છે! એટલું જ નહીં, કરચોરીની રકમ રૂ. ૩,૩૧૦ કરોડથી સીધી ઉછળીને રૂ. ૧૨,૬૩૨ કરોડ પર પહોંચી ગઈ છે. પ્રજાના પરસેવાના નાણાં પર આ સત્તાવાર લૂંટ ચાલી રહી છે ત્યારે સવાલ એ થાય છે કે તંત્ર આંખ આડા કાન કરીને કોના ઈશારે બેઠું હતું? શું આટલી મોટી કરચોરીમાં ઉપરથી નીચે સુધી હપ્તા પહોંચતા હતા? ત્રણ વર્ષમાં GST ચોરીનો ભયાનક આંકડો : ૨૦૨૩-૨૪: ૧,૭૯૬ કેસ | ૨,૫૪૯ કરોડની ચોરી, ૨૦૨૪-૨૫: ૩,૨૮૧ કેસ | ૩,૩૧૦ કરોડની ચોરી, ૨૦૨૫-૨૬: ૧૨,૫૧૧ કેસ | ૧૨,૬૩૨ કરોડની ચોરી, કુલ (૩ વર્ષ): ૧૭,૫૮૮ કેસ | ૧૮,૪૯૧ કરોડની ચોરી, MSME ઉદ્યોગોના મરશિયા: ૧૧,૧૫૦ એકમોને વાગ્યાં તાળાં. એક તરફ કરોડો રૂપિયાની ટેક્સ ચોરી થઈ રહી છે, તો બીજી તરફ પ્રમાણિક નાના વેપારીઓ અને લઘુ ઉદ્યોગકારો સરકારી બાબુશાહી અને સંકુલ જીએસટી સિસ્ટમના બોજ તળે કચડાઈ રહ્યા છે. છેલ્લાં બે વર્ષમાં ૧૧,૧૫૦ જેટલાં લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો બંધ થઈ ગયા છે. તઘલખી ફરમાનો, વેબ-પોર્ટલના ધાંધિયા અને ગૂંચવણભરી નીતિઓને કારણે નાના વેપારીઓનો ધંધો ચોપટ થઈ ગયો છે, જેનાથી રાજ્યમાં બેરોજગારીનો મોટો વિસ્ફોટ થયો છે.

## બોસનો ફોટો ડીપીમાં મૂકી વોટ્સએપ મેસેજ કરી રૂપિયા 30 લાખ પડાવ્યા : પાલડીની કંપનીના એકાઉન્ટન્ટ સાથે સાયબર ઠગાઈ

અમદાવાદ

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીના એકાઉન્ટન્ટને સાયબર ગઠિયાઓએ પોતાના બોસનો ફોટો વોટ્સએપ ડીપીમાં મૂકી મેસેજ કર્યો હતો. બોસના નામે મીટિંગનું બહાનું બનાવી ગઠિયાએ 30 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ મામલે જાણ થતાં એકાઉન્ટન્ટે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.




ગાંધીનગરમાં રહેતા અને પાલડીની કંપનીમાં ફરજ બજાવતા નિકુંજ ગાંધીને સવારે એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. તે નંબરના ડીપીમાં તેમના બોસ વિનોદભાઈનો ફોટો હતો. સામે વાળા ગઠિયાએ બોસ બનીને જણાવ્યું કે તે મીટિંગમાં હોવાથી ફોન કરી શકશે નહીં અને એક પાર્ટીને તાત્કાલિક પેમેન્ટ કરવાનું છે. એકાઉન્ટન્ટ પાસેથી દૈનિક ટ્રાન્સફરની 30 લાખની લિમિટ જાણી લીધા બાદ ગઠિયાએ તે તમામ રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. રૂપિયા 30 લાખ મળ્યા બાદ ગઠિયાએ વધુ 20 લાખ ટ્રાન્સફર કરવાની માંગણી કરી હતી.

### 5157 લીટર ઘી અને 1770 કિલો તેલ જપ્ત

## સુરતના કામરેજમાં નકલી ઘીની ફેક્ટરી ઉપર દરોડો : બંધ દરવાજે ચાલતો કાળો કારોબાર પકડાયો

સુરત

ગુજરાતમાં લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા ભેળસેળિયા માફિયાઓ સામે મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. સુરતના કામરેજ પંથકમાં બહારથી ગેટ પર તાળાં મારીને અંદર ધમધમતી નકલી ઘી બનાવવાની એક ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. આ સાથે જ બનાસકાંઠાના ડીસામાંથી પણ મોટો શંકાસ્પદ ઘીનો જથ્થો પકડાતાં સમગ્ર રાજ્યમાં ખાદ્ય ખોરાક શાખા અને તંત્રમાં દોડધામ મચી ગઈ છે. કામરેજમાં આવેલી આ ફેક્ટરીના સંચાલકો અત્યંત શાતિર રીતે કારોબાર ચલાવતા હતા. કોઈને આશંકા ન જાય તે માટે બહાર મુખ્ય ગેટ પર તાળું મારી દેવામાં આવતું હતું અને અંદરના ભાગમાં મોટા પાયે નકલી ઘી તૈયાર કરવામાં આવતું હતું. ગુપ્ત બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડામાં સ્થળ પરથી: ૫,૧૫૭ લીટર ભેળસેળયુક્ત નકલી ઘી, ૧,૭૭૦ કિલો વનસ્પતિ અને પામોલિન તેલનો જથ્થો, ઘી બનાવવા અને પેકિંગ કરવા માટેના સાધનો અને ફ્લેવર્સ. પોલીસ અને ફૂડ વિભાગની ટીમે તમામ સામગ્રી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ, ઉત્તર ગુજરાતના




બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાંથી પણ ખાદ્ય ખોરાક વિભાગની ટીમે દરોડો પાડીને ૯૮૭ લીટર શંકાસ્પદ ઘીનો જથ્થો કબ્જે કર્યો છે. તહેવારો અને સામાન્ય દિવસોમાં મોંઘા ભાવે વેચાતા ઘીના નામે શુદ્ધતાની ખાતરી આપતા આ વેપારીઓ વાસ્તવમાં લોકોના પેટમાં ધીમું ઝેર પીરસી રહ્યા હતા. લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમનારા આ ભેળસેળિયાઓ સામે કડક પગલાં ક્યારે? રાજ્યમાં અવારનવાર પકડાતા આવા નકલી ઘી અને માવાના કારખાનાઓથી જનતામાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. તંત્ર દ્વારા સીલ મારવા અને સેમ્પલ લેવા સિવાય આવા ગુનેગારોને પાસા (PASA) હેઠળ જેલધકેલ કરવામાં આવશે કે કેમ, તે હવે જોવાનું રહેશે.

## કલોલમાં પલસાણા રોડ પરના પાર્ટી પ્લોટ નજીક LCBનો દરોડો, ₹41 હજારના મુદ્દામાલ સાથે ચાર પકડ્યા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલમાં જુગારીઓ વચ્ચે ચાલતી આંતરિક માથાકૂટ બાદ એક્શનમાં આવેલી LCBએ પલસાણાથી જાસપુર રોડ પર આવેલા ગ્રીન પાર્ટી પ્લોટ નજીક દરોડો પાડ્યો હતો. ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે જુગાર રમતા ચાર નબીરાને 41 હજારની રોકડ રકમ અને જુગારના સાહિત્ય સાથે રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ વિસ્તારમાં શ્રાવણિયા જુગાર રમાડતી સિન્ડિકેટ વચ્ચે હારજીતના પૈસા અને વર્ચસ્વની લડાઈ ચાલતી હોવાની નોંધ ઉચ્ચ કક્ષાએ લેવાતાં ગાંધીનગર એલસીબી સક્રિય થઈ હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી કે ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમાં ઝાડ નીચે કેટલાક શખસો જુગાર રમી રહ્યા છે, જેના આધારે પોલીસે ચારેય તરફથી કોર્ડન કરીને દરોડો પાડ્યો હતો. ભાગવાનો પ્રયાસ કરતા ચારેય શખસોને પોલીસે ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા નબીરાઓએ કાનૂની કાર્યવાહીથી બચવા માટે રાજકીય અને અન્ય ભલામણો કરાવવાનો પ્રયાસ કર્યો હતો અને ટાઈમપાસ માટે રમતા હોવાનું રટણ કર્યું હતું.

### કે. પી. સ્વામી બ્લેકમેલ કેસમાં મોટો ધડાકો

## 5 કરોડની ખંડણી માગનાર દંપતી સહિત ત્રણ આરોપીઓ જેલહવાલે!

ગાંધીનગર

ધર્મના નામે કે અંગત બાબતોને વટાવી ખાવાના મનસૂબા ઘડીને કરોડો રૂપિયા પડાવવાનો ખેલ રચનારી એક ગુંડા ગેંગનો પર્દાફાશ થયો છે. વડતાલ ધામ સાથે સંકળાયેલા જાણીતા કે. પી. સ્વામીને અશ્લીલ વિડિયો અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને રૂ. ૫ કરોડની તોતિંગ ખંડણી માગનારા માસ્ટરમાઈન્ડ દંપતી સહિત ત્રણ શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી લીધા છે. આ ઘટના બહાર આવતાં જ સાધુ-સંતો અને હરિભક્તોના વર્તુળમાં ભારે ચકચાર મચી ગઈ છે.

આરોપીઓએ કે. પી. સ્વામીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા અને તેમને સમાજમાં બદનામ કરવાનો માસ્ટરપ્લાન ઘડ્યો હતો. સ્વામીને




બ્લેકમેલ કરીને તેમના પર સતત દબાણ બનાવવામાં આવ્યું હતું કે જો ૫ કરોડ રૂપિયા નહીં આપવામાં આવે તો તેમની સામે ગંભીર આરોપો લગાવીને સોશિયલ મીડિયા પર વિડિયો વાયરલ કરી દેવામાં આવશે. આ માનસિક અને આર્થિક ત્રાસ આપનારા બ્લેકમેલરોથી ઝૂકવાના બદલે આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. સ્વામી તરફથી મળેલી ચોક્કસ ફરિયાદના આધારે પોલીસે ત્વરિત અને ગુપ્ત કામગીરી હાથ ધરી હતી. ખંડણીની રકમ વસૂલવા માટે ગોઠવાયેલા છટકામાં આરોપીઓ આસાનીથી ફસાઈ ગયા હતા. પોલીસે ઘેરાબંધી કરીને:

આ ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી છે. તેમની પાસેથી બ્લેકમેલિંગ માટે વપરાયેલા ડિજિટલ પુરાવા અને મોબાઈલ ફોન પણ કબ્જે કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના બાદ હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે:

શું આ આરોપીઓ ભૂતકાળમાં પણ અન્ય કોઈ મોટી હસ્તી કે સંતોને આ રીતે બ્લેકમેલ કરી ચૂક્યા છે?

આ ૫ કરોડની ખંડણી રેકેટમાં પડદા પાછળ કોઈ મોટા માથાંઓનો હાથ છે કે કેમ?

### પોલીસીય કાર્યવાહીના નામે ન્યાયતંત્ર પર જ સવાલો

## સુરતમાં IPS અધિકારીના સમર્થનમાં સત્તાપક્ષના નેતા મર્યાદા ચૂક્યા : હાઇકોર્ટ સામે જ બોલવાની હિંમત કરી!

સુરત

સુરતના વિવાદિત IPS અધિકારી DCP રાજદીપસિંહ નકુમ મામલે રાજ્યનું રાજકારણ અને ન્યાયતંત્ર ગરમાયું છે. સ્થાનિક સ્તરે સલાબતપુરા વિસ્તારમાં આરોપીઓને જાહેરમાં સરઘસ કાઢીને ફટકારવાના વાયરલ વિડિયો બાદ ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો નોંધ લઈ તટસ્થ તપાસ માટે IPS અધિકારીની તાત્કાલિક બદલી કરવાનો કડક નિર્દેશ આપ્યો હતો. પરંતુ હાઈકોર્ટના આ નિર્દેશ વચ્ચે સુરતના રાજકારણમાં એક નવો જ ધડાકો થયો છે, જ્યાં સત્તાધારી ભાજપના નેતાઓ અધિકારીના પક્ષમાં આવ્યા છે અને સંવિધાનની મર્યાદા વટાવી ચૂક્યા છે. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની બેંચ દ્વારા કાયદાનું શાસન જાળવી રાખવા માટે અધિકારીની બદલીનો કડક હુકમ કરાતાં જ ભાજપના કેટલાક નેતાઓ અને સ્થાનિક સમર્થકો કાયદાકીય પ્રક્રિયા અને કોર્ટના અધિકારક્ષેત્રને ભૂલી ગયા હતા. 'પોલીસ ગુનેગારોને પાઠ ભણાવે છે તેમાં કોર્ટે વચ્ચે ના આવવું જોઈએ' તેવા પ્રકારના વિવાદિત નિવેદનો અને સોશિયલ મીડિયા પર હાઈકોર્ટના જજના નિર્ણય સામે જ સવાલો ઉઠાવતી પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરાયું હતું. કાયદા નિષ્ણાતો અને બંધારણના નીતિનિયમો અનુસાર સાચી હકીકત એ છે કે: કાયદો હાથમાં લેવાનો અધિકાર કોઈને નથી: સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના સ્પષ્ટ આદેશો છે કે ગમે તેવો ગુનેગાર હોય તો પણ તેને જાહેરમાં ફટકારવો કે માનસિક-શારીરિક ત્રાસ આપવો બંધારણની કલમ ૧૪ અને ૨૧નું ઉલ્લંઘન છે.

સજા કરવાનો અધિકાર માત્ર ને માત્ર ન્યાયતંત્ર પાસે છે, પોલીસ તપાસ અધિકારી છે, સજા આપનાર ન્યાયાધીશ નથી.

જો IPS કક્ષાના અધિકારી પોતાની હાજરીમાં કાયદો તોડે તો નીચલા સ્તરના કર્મચારીઓ તપાસમાં સાચું બોલી શકે નહીં, જેથી તપાસ નિષ્પક્ષ રહે તે માટે હાઈકોર્ટે બદલીનો આદેશ આપ્યો હતો.

### પ્રજાના કરોડો રૂપિયા પાણીમાં!

## ઠાસરામાં સરકારી ભ્રષ્ટાચારનો વધુ એક નમૂનો: ચિતલાવથી સરદારપુરાને જોડતો બ્રિજ ધરાશાયી

ખેડા

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં લોકાર્પણ અને ગુણવત્તાના મોટા મોટા દાવાઓની પોલ ખોલતી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. ઠાસરા તાલુકાના ચિતલાવ ગામથી સરદારપુરા ગામને જોડતો મહત્વનો બ્રિજ અચાનક ધરાશાયી થઈ જતાં સમગ્ર પંથકમાં ભારે હડકંપ મચી ગયો છે. સ્થાનિક રહીશ માટે લાઈફલાઈન સમાન આ પુલ તૂટી પડતાં તંત્રની નબળી કામગીરી અને કોન્ટ્રાક્ટરોના ભ્રષ્ટાચાર પર આકરા સવાલો ઊભા થયા છે.



ચિતલાવ અને સરદારપુરા વચ્ચેનો આ પુલ આસપાસના અનેક ગામડાઓ માટે અવરજવરનો મુખ્ય માર્ગ હતો. રોજિંદા કામકાજ, શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ તેમજ સારવાર અર્થે હોસ્પિટલ જતા દર્દીઓ માટે આ રોડ અત્યંત મહત્વનો હતો. બ્રિજ ધરાશાયી થવાના કારણે બંને ગામો વચ્ચેનો સીધો સંપર્ક તૂટી ગયો છે, જેના લીધે હવે સ્થાનિકોને કિલોમીટરો સુધીનો લાંબો ફેરો ફરવાની નોબત આવી છે. સ્થાનિક જનતામાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજાના ટેક્સના પૈસામાંથી નિર્માણ પામેલા આ બ્રિજના નિર્માણમાં વપરાયેલા હલકી કક્ષાના મટીરિયલ અને નબળા બાંધકામને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનો સીધો આરોપ ગ્રામજનો લગાવી રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે શું સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત વગર આટલી મોટી બેદરકારી શક્ય છે? દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. લોકો આક્રોશ સાથે સવાલ પૂછી રહ્યા છે કે: બ્રિજ બનાવવાના કામમાં નબળી ગુણવત્તા દાખવનાર કોન્ટ્રાક્ટર સામે ક્યારે પગલાં લેવાશે?

## શાળામાં કરંટ લાગતાં માસુમ વિદ્યાર્થીનું કરૂણ મોત : ફૂટબોલ લેવા ગયેલા લાડકવાયાનો વિજળીનો આંચકો આંતરી ગયો શ્વાસ

ગાંધીનગર

શાળા જેવા સુરક્ષિત ગણાતા પરિસરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. શાળાના ગ્રાઉન્ડમાં મિત્રો સાથે રમી રહેલા એક નિર્દોષ વિદ્યાર્થીનું વીજ કરંટ લાગવાના કારણે અકાળે કરૂણ મોત નીપજ્યું છે. પોતાના વહાલસોયા પુત્રને આવી રીતે અચાનક ગુમાવી દેતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર વિસ્તાર સહિત શાળા પરિવારમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. ગઈકાલે સાંજે શાળાના રમતગમતના મેદાનમાં વિદ્યાર્થીઓ ફૂટબોલ રમી રહ્યા હતા. રમત-રમતમાં ફૂટબોલ ઉછળીને લાઈટના થાંભલા પાસે આવેલા એક છાપરા પર ફસાઈ ગયો હતો. પોતાનો બોલ પાછો લેવા માટે વિદ્યાર્થી ત્યાં ગયો હતો, પરંતુ તેને ક્યાં ખબર હતી કે ત્યાં સાક્ષાત કાળ તેની રાહ જોઈ રહ્યો છે! છાપરા પાસે અચાનક ચોંટી ગયેલા ભારે વીજ કરંટની ચપેટમાં આ માસુમ આવી ગયો હતો. કરંટ લાગતાં જ વિદ્યાર્થી ગંભીર રીતે અસરગ્રસ્ત થઈને ઢળી પડ્યો હતો. આ જોઈને રમી રહેલા અન્ય બાળકો અને શાળા પરિસરમાં ભાગદોડ તથા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ગભરાયેલા પરિવારજનો તાબડતોબ શાળાએ દોડી આવ્યા હતા. હોસ્પિટલ ખસેડાયા બાદ તબીબોએ તેને મૃત જાહેર કરતાં માતા-પિતાના કરુણ આક્રંદથી આખું વાતાવરણ ગમગીન બની ગયું હતું. માસુમની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં પરિવારો, સ્થાનિકો અને શાળાના નાના-મોટા બાળકો જોડાતાં સૌની આંખો ભીની થઈ ગઈ હતી.

આ કાળમુખી ઘટનાએ શાળાની વીજ વ્યવસ્થા અને સુરક્ષાના મોટા મોટા દાવાઓ સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ખડું કરી દીધું છે: મેદાનની આસપાસ અને લાઈટના થાંભલા પાસે ખુલ્લા કે લીક થતા વાયરો તરફ તંત્ર અને શાળા સંચાલકોનું ધ્યાન કેમ ન ગયું?

### "અમારી ભિખારી જેવી હાલત કરી દીધી..."

## સુરતના નાસિરનગરમાં બુલડોઝર ફર્યા બાદ ઘરવિહોણા બનેલા પીડિતોની આક્રંદભરી પુકાર!

સુરત

સુરતના નાસિરનગર વિસ્તારમાં તંત્ર દ્વારા ચલાવવામાં આવેલી આકરી ડિમોલિશન ઝુંબેશ બાદ હવે ચારેય તરફ માત્ર કાટમાળ, ધૂળની ડમરીઓ અને અસહાય લોકોની ચીસો સંભળાઈ રહી છે. વર્ષોથી જ્યાં પોતાના છાપરાં બાંધીને રહેતા ગરીબ અને શ્રમિક પરિવારો આજે એક જ આંચકામાં ખુલ્લા આકાશ નીચે આવી ગયા છે. તંત્રના બુલડોઝરે માત્ર ઈંટો અને સિમેન્ટના મકાનો નથી તોડ્યા, પરંતુ સેંકડો ગરીબ પરિવારોના સપના અને આજીવિકાનો માળો પણ પીંખી નાખ્યો છે. ડિમોલિશન બાદ સ્થિતિ એટલી કપોળકલ્પિત બની ગઈ છે કે નાના બાળકો, વૃદ્ધો અને મહિલાઓ પોતાના બચેલા-ખચેલા સામાન સાથે ખુલ્લા રસ્તા પર બેસવા મજબૂર બન્યા છે. સ્થાનિક રહીશો ચોધાર



આંસુએ પોતાનું દર્દ વ્યક્ત કરતા કહી રહ્યા છે કે, 'તંત્રએ એક જ ઝાટકે અમારી ભિખારી જેવી હાલત કરી દીધી છે. ખાવા માટે અનાજ નથી, પીવા માટે પાણી નથી અને માથા પર છત નથી. સરકારે અમને જીવતા જીવ મારી નાખ્યા છે.'

ગેરકાયદે બાંધકામો દૂર કરવાના નામે લેવાયેલા આ આકરા નિર્ણય સામે હવે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. શાસકો અને પ્રશાસને પોતાની સત્તાનું જોર બતાવી દીધું, પણ શું આ આયોજનમાં માનવતા સાવ મરી પરવારી છે? વૈકલ્પિક વ્યવસ્થા વગર આટલી મોટી કાર્યવાહી કેમ? કાયદો અને વ્યવસ્થા પોતાની જગ્યાએ છે, પણ શું આ ગરીબ નાગરિકોને અન્ય કોઈ જગ્યાએ છત આપવી સરકારની પ્રાથમિક ફરજ નહોતી? નાના બાળકો અને વૃદ્ધોના ભવિષ્યનું શું? ચોમાસા કે કાળઝાળ ગરમી વચ્ચે ખુલ્લામાં રઝળતા આ પરિવારોમાંથી જો કોઈ રોગચાળો ફેલાશે કે અનિષ્ટ ઘટશે તો તેની જવાબદારી કોની? માત્ર ગરીબો પર જ બુલડોઝર કેમ? મોટા માથાંઓ અને ભૂમાફિયાઓના ગેરકાયદે બાંધકામો સામે આંખ આડા કાન કરતું તંત્ર માત્ર ગરીબ શ્રમિકોની ઝૂંપડીઓ તોડતી વખતે જ આટલું સક્રિય કેમ બની જાય છે? કહેવાતા વિકાસના નામે ગરીબોના આશિયાના ઉજાડી દેવાની આ નીતિ સામે જનતામાં ભારે રોષ છે.

### ગીર સોમનાથમાં કાયદાની સીમા સમાપ્ત

## શું ગૃહમંત્રી હર્ષ સંઘવીની સત્તા પૂર્વ સાંસદ દિનુ બોધા સામે નાચાર છે?

ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાંથી સામે આવેલો એક સનસનાટીભર્યો વિડિયો રાજ્યના રાજકારણ અને કાયદા-વ્યવસ્થાની સ્થિતિ પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ખડો કરે છે. ગુજરાતમાં સામાન્ય નાગરિકો માટે એવો મેસેજ જઈ રહ્યો છે કે ગીર સોમનાથની સરહદ શરૂ થતાં જ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને સરકારનો કાયદો પૂરો થઈ જાય છે, અને ત્યાંથી શરૂ થાય છે ભાજપના પૂર્વ સાંસદ દિનુ બોધા સોલંકીની પોતાની 'રિયાસત'.

એરિઠીયા ગામના એક પીડિત પરિવારે ભોગવવો પડેલો અન્યાય અને અત્યાચાર આ વિડિયોમાં સ્પષ્ટપણે છતો થાય છે. ખસીયા મુન્નાભાઈ દ્વારા જાહેર કરવામાં આવેલો આ વિડિયો એટલો હૃદયદ્રાવક અને હોશ ઉડાવી દેનારો છે કે જે સત્તાના ઉચ્ચ શિખરો પર બેઠેલા મુખ્યમંત્રીને પણ ધ્રુજાવી મૂકે. પણ અફસોસની વાત એ છે કે આટલી ગંભીર રજૂઆત અને અન્યાયની બૂમરાણ છતાં શાસન મૌન ધરીને બેઠું છે.

અંદરખાને ચર્ચાતી અને ભારે ચર્ચાસ્પદ બનેલી વિગતો મુજબ, દિનુ બોધા સોલંકી દેશના ગૃહમંત્રી અમિત શાહના અત્યંત નજીકના અને અંગત મિત્ર માનવામાં આવે છે. આ જ રાજકીય વગ અને સબંધોના કારણે રાજ્ય સરકાર કે સ્થાનિક પ્રશાસન તેમની સામે આંગળી પણ ચીંધી શકતું નથી. કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ અને સ્થાનિક પોલીસ સત્તાના આ શક્તિશાળી વર્ચસ્વ સામે લાચાર નજરે પડી રહી છે.

પોતાને શિસ્તબદ્ધ અને કાયદાનું પાલન કરાવતી સરકાર કહેવડાવતી ભાજપ સરકાર સામે હવે જનતા સીધો સવાલ પૂછી રહી છે: શું રાજકીય સંબંધો કાયદા અને ન્યાય કરતાં પણ ઉપર છે?

## તંત્રી લેખ...

# ગામડાંની આર્થિક ગતિવિધિને વેગવંતી બનાવતો શ્રાવણોત્સવ

આજથી શ્રાવણોત્સવ. ભગવાન શિ૦વની વંદના કરવાનો આખો મહિનો આજથી શરૂ થઈ રહ્યો છે. દરેક ગામમાં તેમજ વિકસિત નવા શહેરી વિસ્તારોમાં મહાદેવનાં મંદિરો જોવા મળે છે. ભગવાન શિવને ભોળાનાથ કહ્યા છે. આંદોલનમાં જોવા મળતા જેન-ઝી વિદ્યાર્થીઓ અને અન્ય યુવાનો મંદિરોમાં જોવા મળતા નથી. જેન-ઝી આંદોલનમાં ક્યાંય ભક્તિસંગીત કે ભગવાનની આરતી જોવા મળી નથી. આવા લોકોને ક્યાં તો ભગવાન શિવના માર્ગથી દૂર રાખવામાં આવ્યા છે અથવા તો પ્રાચીન કથાઓ એવી રીતે રજૂ કરાઈ છે કે નવી પેઢીને તે જાદુઈ વાર્તા સમાન લાગે છે.

શ્રાવણ માસમાં આવતા વિવિધ તહેવારોના કારણે આખો માસ શ્રાવણોત્સવ સમાન લાગે છે. બુધવારની હરિયાળી અમાસથી શરૂ થતા તહેવારો દેવદીવાળી સુધી ધામક વાતાવરણ ઊભું કરશે. ગુજરાતમાં કાવડ યાત્રાનો બહુ પ્રભાવ નથી, પરંતુ ઉત્તર પ્રદેશમાં કાવડ યાત્રા ગાજી રહી છે. કરોડો લોકો ગંગા નદીનું પવિત્ર જળ ઊંચકીને લાવે છે અને તેમના વિસ્તારોનાં મંદિરોમાં અભિષેક કરે છે. ઉત્તર પ્રદેશના દરેક ગામમાંથી કાવડના સંઘો નીકળે છે.

શ્રાવણ માસ દરમિયાન શહેરોનાં અનેક સ્થળો પર અમરનાથના દર્શનની વ્યવસ્થા કરાય છે. તેનું આયોજન વિસ્તારના યુવાનો પાસે હોય છે, જે દર્શાવે છે કે ધામક પરંપરાઓને યુવાનો જીવતી રાખી રહ્યા છે. યુવાનોને પરંપરાગત ધામક માન્યતાઓ તરફ વાળવા અમરનાથ દર્શન જેવા કાર્યક્રમો મહત્ત્વના બને છે, જેમાં તેઓ સ્વૈચ્છિક રીતે




ઈન્વોલ્વ થાય છે. પ્રાચીન ધામક કથાઓ અને સંસ્કૃતિ પર ફિલ્મો પણ બની છે, પરંતુ યુવાનોને શિવભક્તિ તરફ વાળી શકાયા નથી.

ફિલ્મો ધર્મના પ્રચાર માટે નહીં, પણ પૈસા કમાવવા બનાવાય છે. તેના કારણે ફિલ્મોમાં ઘૂસાડાતા સંવાદો, બિનજરૂરી તેમજ જાદુઈ લાગે તેવાં દ્રશ્યો અને એકાદ ગ્રંથને ટાંકીને વિવાદો ઊભા કરવામાં આવે છે, જેના કારણે નવી પેઢી ધર્મ તરફ ખેંચવાના બદલે તેનાથી દૂર થઈ જાય છે.

શિવકથા ઠેર-ઠેર થાય છે. તેમાં ચૂંટણીની સભા જેવો માહોલ જોવા મળે છે. રાજકીય નેતાઓની ચૂંટણી સભાઓમાં જેમ લાખો લોકો આવે છે પરંતુ તેઓ મતદાર બનતા નથી, એવું જ શિવકથા કે રામકથામાં હોય છે. લાખો લોકો કથા સાંભળી ચૂક્યા છે, પરંતુ તેમના કશું પરિવર્તન આવતું નથી, નથી સમાજસુધારણા થતી.

કથાનો સાર લોકો પોતાના રોજિંદા જીવનમાં ઉતારતા નથી. ઘણા યુવાનો સામે ચાલીને ભગવાન શિવને સમજવા ઈચ્છે છે. તેઓ કથામાં અને રોજ શિવલિંગ પર અભિષેક માટે પણ જાય છે, પરંતુ કેટલીક ધામક ક્રિયા પરંપરાગત હોય છે અને મહદ્ અંશે તેઓ યંત્રવત્ તેનું અનુકરણ કરે છે.

શ્રાવણ માસમાં દરેક મહાદેવના મંદિરમાં ત્રણ પ્રહરની પૂજા થશે, પરંતુ તેમાં નવી પેઢીના લોકો ભાગ્યે જ જોવા મળશે. જે રીતે સમાજનો એક વર્ગ બળવાખોરીના માર્ગને ઉત્તમ ગણી રહ્યો છે અને બીજો વર્ગ ઝઘડામાં વ્યસ્ત રહે છે, ત્યારે પ્રાચીન કવિ અખા ભગતની વાત યાદ આવે છે. તેમણે કહ્યું હતું કે-

કથા સુણી સુણીને ફૂટયા કાન,
તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાાન

શ્રાવણોત્સવ ગ્રામીણ અર્થતંત્રને વેગવંતું બનાવે છે. હવેના દિવસો ગામડાંઓ સાથે સંકળાયેલા વેપાર-વ્યવસાયને ધામક રંગે રંગીને તેમના જીવનમાં ખુશાલી લાવશે. કિસાનોની ખેતી શરૂ થઈ છે, તો બીજી તરફ શ્રાવણ માસ શરૂ થયો છે. શ્રાવણ માસમાં આવતા તહેવારોમાં જન્માષ્ટમી, નાગપંચમી, રક્ષાબંધન જેવા તહેવારો પણ ગામડાનું અર્થતંત્ર વેગવંતુ બનાવે છે. ટૂંકમાં, શ્રાવણોત્સવ ગામડાની આથક ગતિવિધિને પણ વેગવંતી બનાવે છે.

દરેક ધામક પરંપરા પાછળ એક કથા રહેલી હોય છે. આ કથાને યુવાનોના મન સુધી પહોંચાડવાની જરૂર છે. આ કથાને વર્તમાન જીવન સાથે ઉદાહરણો આપીને સમજાવવાની જરૂર છે. દરેક ધામક ક્રિયા પાછળનો મર્મ સમજાવવા હિન્દુ સંગઠનોએ સેવાભાવીઓની સેના ઊભી કરવી પડશે. શ્રાવણ મહિનામાં એક સમય ખોરાક લઈને ઉપવાસ કરનારાઓની સંખ્યા વધી રહી છે. એવી જ રીતે માત્ર સોમવાર કરનારાઓની સંખ્યા પણ વધી છે, પરંતુ મોટા ભાગની ક્રિયા દેખાદેખી જોવા મળે છે.

મંદિરોની પૂજામાં યુવાનોના ટોળાં જોવા નથી મળતાં. શ્રાવણ માસ સિવાયના દિવસોમાં મહાદેવના મંદિરોમાં ભક્તોની સંખ્યા ઘટતી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં જે રીતે યુવાનોને ઈસ્કોન મૂવમેન્ટ તૈયાર કરી રહી છે, તે રીતે ભગવાન શિવના પ્રચાર-પ્રસાર માટે યુવા શિવભક્તોની ટીમ ઊભી કરવાની જરૂર છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગાંધીનગરમાં ખાખીનો અહંકાર અને વર્દીનો રોફ:

## પત્રકાર સામે SP રવિ તેજા વાસમશેટ્ટીનો અસંસદીય વ્યવહાર, લોકશાહીના ચોથા સ્તંભ પર ત્રાટકી પોલીસ!

રાજધાની ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાના રક્ષક ગણાતા ઉચ્ચ IPS અધિકારી દ્વારા જ કાયદાની મર્યાદાઓ ઓળંગી જવાની એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગાંધીનગરના જિલ્લા પોલીસ વડા (SP) રવિ તેજા વાસમશેટ્ટી પોતાના પદ અને સત્તાના અહંકારમાં એટલા બેભાન બની ગયા કે એક ન્યૂઝ કવરેજ દરમિયાન નવજીવન ન્યૂઝના પત્રકાર સાથે અશોભનીય વર્તન કરીને તેમને ધક્કો મારી દીધો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. એટલું જ નહીં, સ્વતંત્ર પત્રકારત્વનો અવાજ દબાવવા માટે પત્રકારને કલાકો સુધી બેસાડી રાખીને ૧ કલાકથી વધુ સમય સુધી કડક પૂછપરછ કરવામાં આવી હોવાની વિગતો સામે આવતાં સમગ્ર રાજ્યના માધ્યમ જગતમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

સવાલ પૂછવો ગુનો બન્યો? પત્રકારને ધક્કો મારીને વીડિયો ડિલીટ કરાવાયા!

મળતી વિગતો અનુસાર, કવરેજ દરમિયાન જ્યારે પત્રકારે ઉચ્ચ અધિકારી સામે સત્ય અને ગ્રાઉન્ડ રિયાલિટી અંગે સવાલો ઉઠાવ્યા, ત્યારે SP રવિ તેજા વાસમશેટ્ટી પોતાનો સંયમ ગુમાવી બેઠા હતા. સત્તાના નશામાં કાયદો અને પોલીસ મેન્યુઅલ ભૂલીને તેમણે પત્રકાર સાથે ગેરવર્તણૂક કરી હોવાનો અને ઘટના સ્થળે શૂટ કરવામાં આવેલા વીડિયો ડિલીટ કરાવવાનો પ્રયાસ કર્યો હોવાના સનસનાટીભર્યા અહેવાલ છે. લોકશાહીમાં તંત્ર સામે પ્રશ્નો પૂછવા એ પત્રકારનો બંધારણીય અધિકાર છે, પરંતુ અહીં સવાલ પૂછતાં જ ઉચ્ચ IPS અધિકારીનો પિત્તો ગયો હતો.

### 1 કલાક સુધી માનસિક ટોર્ચર: શું પોલીસ રાજ્યમાં પત્રકારોથી ડરી ગઈ છે સરકાર?

નવજીવન ન્યૂઝ જેવા નિષ્પક્ષ માધ્યમના પત્રકારને ૧ કલાક સુધી પૂછપરછના નામે અટકાયતમાં રાખીને માનસિક દબાણ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ હવે ગાંધીનગરની ગલીઓથી લઈને રાજ્યના રાજકારણમાં એક જ ચર્ચા ચાલી રહી છે:

શું રાજ્ય સરકાર અને ગાંધીનગર પોલીસ સત્ય સામે આવવાથી આટલી હદે ડરી ગઈ છે?

જે પોલીસ અધિકારીઓ ગુનેગારો સામે કડક પગલાં લેવામાં નિષ્ફળ જાય છે, તે જ ખાખી વર્દી પત્રકારોનો અવાજ દબાવવા આટલી કેમ આક્રમક બને છે?

કાયદાનું પાલન કરાવનારા જ જ્યારે કાયદો હાથમાં લઈને પત્રકારને ધક્કો મારે, ત્યારે સામાન્ય નાગરિકો સાથે આ અધિકારીઓ કેવો વ્યવહાર કરતા હશે?

પાક્કો ગુજરાતનો સીધો પ્રહાર: ખાખીના રોફ સામે પત્રકારત્વ ઝૂકશે નહીં!

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ગાંધીનગર જિલ્લા પોલીસમાં સત્યનો સ્વીકાર કરવાની હિંમત નથી રહી. જો એક ઉચ્ચ IPS અધિકારી જાહેર માધ્યમના પ્રતિનિધિ સાથે આ પ્રકારનું દાદાગીરીભર્યું વર્તન કરતા હોય, તો ગૃહ વિભાગ અને રાજ્ય સરકાર આ મામલે મૌન કેમ સેવી રહ્યા છે?

અભિવ્યક્તિની સ્વતંત્રતા પર ઘા કરનારા અને પત્રકારત્વને ડરાવવાનો પ્રયાસ કરનારા આવા અધિકારીઓ સામે તાત્કાલિક ધોરણે કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સમગ્ર પત્રકાર આલમમાં ઉઠી રહી છે.

# 2014 પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની તાકાતનું સામ્રાજ્ય

## સત્તાના સિંહાસન પરથી નીતિ-નિર્ધારણ સુધી સંઘનો અભૂતપૂર્વ રાજકીય પ્રભાવ!

વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની પૂર્ણ બહુમતી સાથે સરકાર બન્યા બાદ દેશના રાજકીય અને સામાજિક તાણાવાણામાં એક યુગ પરિવર્તનકારક બદલાવ જોવા મળ્યો છે. છેલ્લા એક દાયકામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) નો રાજકીય પ્રભાવ અને સત્તાકીય વજન અનેક ગણું વધી ગયું છે. આજે સંઘ પોતાના ૧૦૦ વર્ષના ઈતિહાસની સૌથી મજબૂત, શક્તિશાળી અને નિર્ણાયક સ્થિતિમાં આવીને ઊભો છે, જ્યાં કેન્દ્ર સરકારના તમામ નીતિવિષયક નિર્ણયોમાં સંઘની છાપ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

» સત્તાથી સંગઠન સુધી: ૨૦૧૪ પછી ભારતીય રાજકારણમાં RSS માત્ર એક સામાજિક કે સાંસ્કૃતિક સંગઠન નથી રહ્યું, પરંતુ તે સત્તાના કેન્દ્રબિંદુ તરીકે ઉભરી આવ્યું છે.

»

| RSS ના પ્રભાવના મુખ્ય ક્ષેત્રો | ૨૦૧૪ પહેલાંની સ્થિતિ | ૨૦૧૪ પછીનો અભૂતપૂર્વ બદલાવ |

| સરકારી નીતિઓ | મર્યાદિત



બિન-સત્તાવાર સૂચનો | સંઘની વૈચારિક પ્રોસેસ મુજબ નીતિઓનું ઘડતર |

| મુખ્ય પદો પર નિમણૂકો | વહીવટી મર્યાદાઓ | સંગઠન અને બંધારણીય પદો પર સંઘ પૃષ્ઠભૂમિના ચહેરાઓ |

| સાંસ્કૃતિક એજન્ડા | માત્ર વિરોધ કે વિવાદો | રામ મંદિર, કલમ ૩૭૦ નાબૂદી જેવા રાષ્ટ્રીય મુદ્દાઓનો અમલ |

સિદ્ધાંતોમાંથી સીધો અમલ: કાગળ પરના સપના વાસ્તવિકતા બન્યા

સંઘે પોતાના સ્થાપના કાળથી જે ત્રણ મુખ્ય વૈચારિક લક્ષ્યો રાખ્યા હતા, તે ૨૦૧૪ પછીની ભાજપ સરકારના કાર્યકાળમાં પૂર્ણ થતા જોવા મળ્યા છે:

* અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ: દાયકાઓ સુધી ચાલેલા આંદોલન અને વૈચારિક લડાઈ બાદ અંતે આ સ્વપ્ન સાકાર થયું.

* જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદી: 'એક દેશ, એક વિધાન' ના સંઘના નારાને કાયદાકીય રૂપ આપવામાં આવ્યું.

* સમાન નાગરિક સંહિતા (UCC) અને સિટિઝનશિપ એક્ટ (CAA): દેશના કાયદાકીય માળખાને સંઘના રાષ્ટ્રવાદી વિઝન સાથે જોડવાની કવાયત.

સત્તાકીય માળખા પર સંપૂર્ણ પકડ

માત્ર રાજકારણ કે ચુંટણીઓ પૂરતું જ નહીં, પરંતુ દેશની શિક્ષણ વ્યવસ્થા, નાગરિક સંગઠનો, ન્યાયતંત્ર અને ઉચ્ચ સરકારી હોદ્દાઓ પર સંઘની પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિઓની નિમણૂકો વધી છે.

નવી શિક્ષણ નીતિ (NEP) હોય કે ભારતીય સભ્યતા અને ઈતિહાસના પુનઃલેખનનો મુદ્દો હોય, સંઘ પોતાની વિચારધારાને દેશની આગામી પેઢી સુધી પહોંચાડવામાં સફળ રહ્યો છે.

પાક્કો ગુજરાતનો આકરો વિશ્લેષણાત્મક પ્રહાર: મજબૂત સ્થિતિ સાથે ઊભા થતા સવાલો

સંઘ આજે પોતાની સૌથી મજબૂત સ્થિતિમાં છે તે વાતમાં કોઈ શંકા નથી, પરંતુ આ અતુલ્ય શક્તિની સાથે કેટલાક ભવિષ્યના સવાલો પણ દેશ સામે ખડા થાય છે:

* શું સંઘનો વધી રહેલો રાજકીય પ્રભાવ લોકશાહીના વિવિધતાસભર માળખા માટે પડકારરૂપ બની શકે?

* કેન્દ્ર સરકારના નિર્ણયો નાગપુર સ્થિત સંઘના મુખ્યાલયથી પ્રભાવિત થાય છે તેવા વિપક્ષના આરોપોમાં કેટલી સત્યતા?

જવાબ ગમે તે હોય, પણ એક વાત ચોક્કસ છે કે ઈ.સ. ૨૦૧૪ પછી ભારતનું રાજકારણ એવા મોડ પર આવી ગયું છે જ્યાંથી સંઘના પ્રભાવને અલગ કરીને જોવો અશક્ય છે.

# હૃદયનો આદિ અનાદિ આલાપ: પ્રેમની શાશ્વત સંવેદના અને સ્વરૂપ

માનવ સભ્યતાના ઈતિહાસમાં જો કોઈ એક એવો વિષય હોય જે સદીઓથી અવિરત ચર્ચાતો રહ્યો છે, છતાં આજે પણ એટલો જ અકળ અને નૂતન ભાસે છે, તો તે 'પ્રેમ' છે. પ્રેમ એ માત્ર બે અક્ષરનો શબ્દ નથી, પરંતુ સમગ્ર બ્રહ્માંડને એક તાંતણે બાંધી રાખતી સર્વોચ્ચ ચેતના છે. મનુષ્ય જીવનની સફરમાં ભૌતિક સુખો, ધન-દોલત અને પદ-પ્રતિષ્ઠા કદાચ ક્ષણભરનો સંતોષ આપી શકે, પરંતુ આત્માનો અસલી સંતોષ તો પ્રેમની શીતળ હેલીમાં જ સમાયેલો છે. ભૌતિકવાદ અને અહંકારના આ આધુનિક યુગમાં, જ્યાં માણસ અંદરથી શુષ્ક થઈ રહ્યો છે, ત્યાં પ્રેમની ભીનાશ જ માનવતાને જીવંત રાખવા માટે સંજીવની સમાન સાબિત થાય છે.

પ્રેમનું કોઈ ચોક્કસ વ્યાખ્યામાં બંધાવું અશક્ય છે, કારણ કે તે કોઈ સીમાડા કે શરતોને આધીન નથી. તે તો બે આત્માઓ વચ્ચેનું અદ્રશ્ય અને પવિત્ર જોડાણ છે. પ્રેમ જ્યારે પોતાના સ્વાર્થની સંકુચિત ગલીઓમાંથી બહાર નીકળીને પરમાર્થ તરફ ગતિ કરે છે, ત્યારે તે ભક્તિનું પાવન સ્વરૂપ ધારણ કરે છે. નરસિંહ મહેતાની રાસલીલા, મીરાંબાઈની કૃષ્ણભક્તિ કે સૂફી સંતોની ઈશ્વરીય આરાધના એ વાતની સાક્ષી પૂરે છે કે સાચો પ્રેમ હંમેશાં સમર્પણ માંગે છે, અપેક્ષા નહીં. જ્યાં અપેક્ષા અને શરતોનો અંત આવે છે, ત્યાં જ સાચા અને નિર્મળ પ્રેમનો યુગ શરૂ થાય છે. હૃદયના આ પરમ પવિત્ર ભાવને કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે અંકિત કરી શકાય:

'નથી માપવો મારે કોઈ સાગર કે નથી આંબવું આ આકાશ,
હૃદયમાં જો સ્નેહનો દીવો બળે, તો સુવાસિત થાય આખો વાસ.'

આજના આધુનિક અને વિજાણુ યુગમાં માણસ સંબંધોની ગણતરીઓમાં એટલો બધો વ્યસ્ત થઈ ગયો છે કે તે પ્રેમનો સાચો મર્મ જ વિસરી ગયો છે. આપણે સોશિયલ મીડિયા પર લખાણ અને પ્રદર્શન દ્વારા હજારો લોકો સાથે જોડાયેલા છીએ, પરંતુ હૃદયથી કોઈની નજીક નથી. વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે, પણ તે મનુષ્યના હૃદયનો ખાલીપો ભરી શકતું નથી. આ ખાલીપો ત્યારે જ ભરાય છે જ્યારે કોઈ આપણું પોતાનું, આપણી મૂંગી વેદનાને કંઈ પણ કહ્યા વગર માત્ર આંખો જોઈને સમજી લે છે. પ્રેમ આપણને જોડાતા અને વહેંચતા શીખવે છે. સાચા પ્રેમની હાજરી નિર્જન અરણ્યને પણ મંગલ ઉત્સવમાં ફેરવી નાખે છે. નિ:સ્વાર્થ પ્રેમ અને સાચા જોડાણના આ અહેસાસને લોકહૃદય હંમેશાં આ રીતે સ્વીકારે છે:

'રૂપિયા અને વૈભવથી તો માત્ર સભાઓ ભરાય છે,
પણ સાચા સ્નેહ વગર આ હૈયું એકાંતમાં કરમાય છે.'

આ વિચાર આપણને જીવન જીવવાનો એક બહુ મોટો સંદેશ આપે છે કે માણસની સાચી મૂડી ભૌતિક સંપત્તિ નથી, પણ તેનો આંતરિક ભાવનાત્મક વૈભવ છે. ગમે તેટલી પ્રગતિ કે સામાજિક પ્રતિષ્ઠા હોય, પણ જો જીવનમાં આ આત્મિક ભીનાશ ખૂટતી હોય, તો બધું જ વ્યર્થ ભાસે છે. હૃદયમાં રહેલો પ્રેમનો આ દીવો જો પ્રજ્વલિત રહે, તો કોઈ પણ વ્યક્તિ ગમે તેવી કટોકટીમાં પણ ક્યારેય હારી શકતી નથી. આ ગુણ મનુષ્યના અંતરાત્માનો સાચો પ્રકાશ છે, જે સદીઓ સુધી માનવજાતને અંધકારમાંથી પરમ પ્રકાશ તરફ દોરી જશે તે સુનિશ્ચિત છે.

**- રૂપેશ સોલંકી**



# ઈરાન યુદ્ધ વચ્ચે ટ્રમ્પે અચાનક લીધો મોટો નિર્ણય, ચીન ખુશખુશાલ પણ મિડલ ઈસ્ટમાં ટેન્શન

અમેરિકા દ્વારા પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાંથી પોતાનું મહત્વપૂર્ણ વિમાનવાહક યુદ્ધપોત USS જ્યોર્જ વોશિંગ્ટન હટાવી લેવામાં આવ્યું છે. આ યુદ્ધજહાજ મિડિલ ઈસ્ટમાં લાંબા સમયથી તૈનાત USS અબ્રાહમ લિંકનની જગ્યા લેશે. ઈરાન સાથેના તણાવ અને સૈન્ય અભિયાનોના કારણે અમેરિકન નૌકાદળ પર ભારે દબાણ વધ્યું છે, જેના કારણે સૈનિકોના માનસિક સ્વાસ્થ્ય અને પુરવઠાને લગતી ગંભીર સમસ્યાઓ પણ ઊભી થઈ રહી છે. પ્રશાંત ક્ષેત્રમાંથી આ જહાજ ખસી જવાથી જાપાન અને ફિલિપાઈન્સ જેવા સહયોગી દેશોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. USS અબ્રાહમ લિંકનની વાપસી મે મહિનામાં જ નક્કી હતી, પરંતુ ઈરાન વિરુદ્ધના અભિયાનોને કારણે તેની તહેનાતી લંબાવવામાં આવી હતી. આ જહાજે સતત સમુદ્રમાં 240 કરતા વધુ દિવસો વિતાવ્યા છે, જેને કારણે ડેમોક્રેટિક સાંસદોએ જહાજ પર રહેવાની પરિસ્થિતિઓ અને તણાવની તપાસ કરવાની માંગ પણ ઉઠાવી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં સૈન્ય અભિયાનો માટે વિમાનવાહક જહાજો પર ભારે નિર્ભરતા જોવા મળી રહી છે. અગાઉ USS જેરાલ્ડ આર ફોર્ડ પણ 11 મહિનાની લાંબી તહેનાતી પછી પરત ફર્યું હતું, જે વિયેતનામ યુદ્ધ પછીની સૌથી લાંબી તહેનાતી હતી. 'મનીષ સિસોદિયા પર કોઈ આરોપ નથી લગાવ્યાં..' કોર્ટમાં CBIના દાવા સામે કેજરીવાલનો ઘટસ્ફોટ અમેરિકન વિમાનવાહક જહાજની ગેરહાજરીનો ફાયદો ઉઠાવીને ચીન પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાં પોતાના પ્રભાવનો પ્રચાર કરી રહ્યું છે. ચીન એવો સંદેશ આપવાનો પ્રયાસ કરી રહ્યો છે કે પશ્ચિમ પ્રશાંતમાં અમેરિકા હવે પહેલે જેવી મોટી તાકાત નથી રહ્યું અને તે સહયોગીઓની સુરક્ષાની ખાતરી આપી શકે તેમ નથી. ચીને તાજેતરમાં ઈન્ડોનેશિયા સાથે નૌસૈનિક અભ્યાસ કર્યો છે તેમજ જાપાન અને ફિલિપાઈન્સ સાથેના વિવાદિત ક્ષેત્રોમાં પણ આક્રમકતા વધારી છે. ફિલિપાઈન્સના દાવાવાળા સ્કારબોરો શોલ પાસે પણ ચીને સૈન્ય અભ્યાસ કર્યો છે. સતત લાંબી તૈનાતના કારણે આ વિશાળ જહાજોની મરામત દેશના માત્ર બે જ શિપયાર્ડમાં જ થઈ શકે તેમ છે. સંશોધકોનું માનવું છે કે નાવિકોને પૂરતો આરામ ન મળવાથી તેમની શારીરિક અને માનસિક કાર્યક્ષમતા ઘટી રહી છે. આધુનિક યુદ્ધના બદલાતા દોરમાં મોટા વિમાનવાહક જહાજોને ડ્રોન અને મિસાઈલોથી સરળતાથી નિશાન બનાવી શકાતા હોવાથી, તેની જગ્યાએ નાના જહાજો અને સબમરીનના ઉપયોગની ભલામણ પણ કરવામાં આવી રહી છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
શ્રદ્ધાંજલિ
PRESS NOTE
પ્રેસનોટ
સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા
વિશ્વસનીય માધ્યમ
વ્યાપક પ્રસાર
આકર્ષક ડિઝાઇન

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ટોલ વસૂલાત પૂરજોશમાં, પરંતુ સુવિધાઓ ક્યાં?

દયાદરા નજીક પરિવારનું વાહન ટાયર ફાટતાં કલાકો સુધી રસ્તા પર અટવાયું હોવાનો આક્ષેપ; 1033 હેલ્પલાઈન અને ક્રેનની વ્યવસ્થા સામે ઉઠ્યા સવાલો



ભરૂચ, રંગુની જાકીર

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર વાહનચાલકો પાસેથી ટોલ ટેક્સની વસૂલાત પૂરજોશમાં ચાલી રહી છે, પરંતુ જ્યારે વાહનચાલકને રસ્તા પર ખરેખર ઈમરજન્સી મદદની જરૂર પડે ત્યારે હાઈવેની સુવિધાઓ ક્યાં ગાયબ થઈ જાય છે? એવો સવાલ હવે વાહનચાલકોમાં ઉઠી રહ્યો છે.

સુરતથી જંબુસર તરફ પરિવાર સાથે જઈ રહેલી એક ફેમિલીનું વાહન ભરૂચના દયાદરા ગામ નજીક એક્સપ્રેસવે પર ટાયર ફાટવાના કારણે રસ્તામાં ખોટકાઈ ગયું હતું. પરિવાર સાથે બાળકો અને મહિલાઓ હોવા છતાં તેમને કલાકો સુધી ક્રેનની રાહ જોવી પડી હોવાનો આક્ષેપ છે. સમયસર મદદ ન મળતા પરિવારને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટનામાં સૌથી ગંભીર સવાલ 1033 હેલ્પલાઈનની કામગીરી સામે ઉઠે છે. જો ઈમરજન્સી સમયે હેલ્પલાઈન પર જાણ કર્યા બાદ પણ સ્થળ પર સમયસર ક્રેન અથવા જરૂરી સહાય ન પહોંચે તો આ હેલ્પલાઈનનો વાસ્તવિક ઉપયોગ શું? વાહનચાલકોમાં એવો પણ આક્ષેપ થઈ રહ્યો છે કે 1033 નંબર માત્ર દર્શાવવા પૂરતો જ રહી ગયો છે. માતર ટોલ પ્લાઝા નજીક ધૂણ ખાતે છેલ્લા બે-ત્રણ મહિનાથી ક્રેન જોવા મળતી હોવાના દાવા વચ્ચે વધુ એક સવાલ ઊભો થાય છે-જો ક્રેન ઉપલબ્ધ છે તો દયાદરા સહિત એક્સપ્રેસવેના અન્ય સ્થળોએ વાહન ખોટકાય ત્યારે જરૂરિયાતમંદ સુધી તે સમયસર કેમ પહોંચતી નથી? વાહનચાલકોનો સીધો સવાલ છે કે ટોલ વસૂલાતમાં નિયમોની કડકાઈ રાખવામાં આવે છે તો ટોલ ભરનારા વાહનચાલકોને મળવાપાત્ર ઈમરજન્સી સુવિધાઓમાં પણ એટલી જ જવાબદારી અને ઝડપ કેમ જોવા મળતી નથી? રસ્તા પર વાહન ખોટકાવું કે ટાયર ફાટવું કોઈને કહીને થતું નથી. ખાસ કરીને રાત્રિના સમયે પરિવાર સાથે મુસાફરી કરતા વાહનચાલકો માટે આવી સ્થિતિ ગંભીર જોખમ ઊભું કરી શકે છે. સમયસર ક્રેન, પેટ્રોલિંગ અને ઈમરજન્સી સહાય ન મળે તો સામાન્ય વાહનખામી પણ અકસ્માતમાં ફેરવાઈ શકે છે. એક્સપ્રેસવે પર ખાડા-ખાબોચિયાં અને અન્ય રોડ ખામીઓ અંગે પણ વાહનચાલકોમાં નારાજગી હોવાના આક્ષેપો છે. સવાલ એ છે કે ટોલ વસૂલાતની વ્યવસ્થા જેટલી સુવ્યવસ્થિત છે, તેટલી જ સુવ્યવસ્થિત ઈમરજન્સી સેવા અને રોડ મેન્ટેનન્સની વ્યવસ્થા કેમ નથી? 1033 પર મળતી ફરિયાદનો પ્રતિસાદ સમય કેટલો છે? દયાદરા નજીકની ઘટનામાં ક્રેન પહોંચવામાં કેટલો સમય લાગ્યો? ધૂણ ખાતે ઉપલબ્ધ ક્રેનની કામગીરીનું ક્ષેત્ર કેટલું છે? એક્સપ્રેસવે પર 24 કલાક કેટલી ક્રેન અને પેટ્રોલિંગ વાહનો તૈનાત છે? અને ટોલ ભરનારા વાહનચાલકોને ઈમરજન્સી સમયે મળવાપાત્ર સુવિધાઓ ખરેખર રસ્તા પર ઉપલબ્ધ છે કે માત્ર કાગળ પર? માત્ર ટોલ વસૂલવાથી જવાબદારી પૂર્ણ થતી નથી. સુરક્ષિત મુસાફરી, સમયસર ઈમરજન્સી મદદ અને અસરકારક પેટ્રોલિંગ પણ હાઈવે વ્યવસ્થાની એટલી જ મહત્વપૂર્ણ જવાબદારી છે.

# અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં પૂ. મોરારિબાપુના શ્રીમુખેથી રામકથા અને તુલસી જન્મોત્સવનો પ્રારંભ

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટી બોસ્ટનમાં સ્થિત છે. દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટી માનવામાં આવે છે. જેમાં રતન ટાટા અને રાહુલ બજાજ જેવા ભારતના જાણીતા ઉદ્યોગપતિઓ અભ્યાસ કરી ચૂક્યા છે. ત્યાંના મેમોરીયલ હોલમાં પૂ. મોરારિબાપુના શ્રી મુખેથી રામચરિત માનસનું ગાન આરંભાયું છે. એવું પણ કહી શકાય કે યુનાઈટેડ નેશન્સ અને કેમ્બ્રિજ જેવી યુનિવર્સિટીઓમાં કથા ગાન થઈ ગયા પછી પુન: એકવાર એક નવા કિર્તીદાન સાથે હાર્વર્ડમાં રામ નામની ગુંજ સંભળાઈ



રહી છે. તે ઐતિહાસિક છે પૂ. મોરારિબાપુએ તેને ઐતિહાસિક નહીં પરંતુ અધ્યાત્મિક કથા તરીકે પ્રસ્તુત કરી. ભારતના પ્રમાણ સમય કરતા 9:30 કલાક પાછળ ચાલતો તેનો સમય ગતરોજ રાત્રિના 1:30 કલાકે અને બોસ્ટનના સાંજના 4-00 કલાકે આ કથાનો મંગલ પ્રારંભ થયો. કથાનું નામાભિધાન આ અગાઉની નૈરોબી કથામાં કરી દેવાયું હતું. જે અનુસંધાને તેનો નામકરણ 'માનસ ગુરુ પ્રસાદ' કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામનું વાંગમય સ્વરૂપ એટલે રામચરિત માનસ અને તેના સર્જક એવા તુલસીદાસજી મહારાજની જન્મ જયંતિ દર વર્ષે શ્રાવણ સુદ સાતમના રોજ મનાવવામાં આવે છે. તલગાજરડાના માધ્યમથી આ ઉત્સવ છેલ્લાં 17 વર્ષથી ચાલી રહ્યો છે.સને 2010 થી 2024 સુધી તેનુ સ્થાન તલગાજરડાની પાવન ભૂમી રહી છે.સને 2025 માં આ ઉત્સવ ઉત્તર પ્રદેશના રાજાપુર ખાતે યોજવામાં આવ્યો. હવે આજે તે વિદેશની ધરતી ઉપર મનાવાઈ રહ્યો છે,તે એક જોગાનુંજોગ ઘટના છે. બાપુએ આ કથા ઉત્સવને ભગવાન શ્રીરામના પુણ્ય યોગનો પ્રતાપ ગણાવીને તેનું શ્રેય કથા મનોરથી એવા લંડનના લોર્ડ શ્રી ડોલરભાઈ પોપટ અને તેમના પુત્ર પાવન પોપટને શીરૂ જાય છે. બાપુએ તેઓએ કરેલા હાર્ડવર્ક માટે સુભાષિશ આપીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી. ગુજરાત અને ભારતના સંતો મહંતો અને વિદ્વાનો આ મહોત્સવમાં સંમેલિત થયા છે.

## છોટાઉદેપુરના ઝોઝ પાસે સર્જાયો અકસ્માત

# દહોદથી કવાંટ જતી પીકપ જીપને નડ્યો ગમખવાર અકસ્માત: 4 બાળકો સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત

છોટાઉદેપુર

'છોટાઉદેપુર જિલ્લામાંથી એક મોટા અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. દાહોદથી કવાંટ તરફ મજૂરી કામ માટે જઈ રહેલી એક બોલેરો પીકપ જીપને પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વાહન પલટી ખાઈ જતાં ગાડીમાં સવાર બાળકો સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે

પ્રાપ્ત માહિતી અનુસાર, દાહોદ તરફથી કવાંટ પંથકમાં મજૂરી અર્થે કુલ ૮ જેટલા શ્રમિકો એક બોલેરો પીકપ જીપમાં સવાર થઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન છોટાઉદેપુરના ઝોઝ-



લિંબાણી રોડ પર એક ટ્રક ચાલકે બોલેરો ગાડીને ધડાકાભેર ટક્કર મારી હતી. વાહનને વ્યાપક નુકસાન: ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે બોલેરો ગાડી રોડ પર પલટી ખાઈ ગઈ હતી અને નજીકમાં આવેલા બ્રિજની પાળી સાથે અથડાતા બ્રિજને પણ નુકસાન પહોંચ્યું હતું. આ ગમખવાર અકસ્માતને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આ અકસ્માતમાં ગાડીમાં સવાર ૮ વ્યક્તિઓ પૈકી ૪ જેટલા નાના બાળકોને શરીરના ભાગે મોટી ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય મુસાફરોને પણ સાધારણથી ગંભીર ઈજાઓ થઈ છે. અકસ્માતનો ધડાકો સાંભળીને સ્થાનિક યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. યુવાનોની મદદથી તમામ ઈજાગ્રસ્તોને ત્વરિત સારવાર અર્થે નજીકના આરોગ્ય કેન્દ્ર (હોસ્પિટલ) ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# છોટાઉદેપુરના તેજગઢ વિસ્તારના કોરાજ ગામે 33 વર્ષીય મહિલાના શંકાસ્પદ સંજોગોમાં મોતથી ચકચાર

છોટાઉદેપુર, ઈમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ તાલુકાના કોરાજ ગામેથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કોરાજ ગામે રહેતા ૩૩ વર્ષીય ભારતીબેન રાઠવા નામના મહિલાનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું છે.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી મુજબ, આ ઘટના હત્યા છે કે કુદરતી કે અન્ય કોઈ કારણોસર થયેલું મોત છે, તે અંગે અનેક પ્રકારની ચર્ચાઓ અને આશંકાઓ સેવાઈ રહી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. બનાવની જાણ થતાં જ તેજગઢ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમજ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ની ટીમ તાત્કાલિક



ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

હાલ પોલીસે મૃતદેહને કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને એફ. એસ.એલ.ની મદદથી વૈજ્ઞાનિક ઢંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

જો કે, આ મામલે હત્યા છે કે કેમ તે અંગે પોલીસ તપાસ પૂર્ણ થયા અને રિપોર્ટ આવ્યા બાદ જ વાસ્તવિક હકીકત સ્પષ્ટ થશે.

## સાયબર બુલિંગ અને ફેક ID બનાવી ધમકી મળી

# રેપિડોથી પાર્સલ મોકલ્યા બાદ યુવતીને કડવો અનુભવ: ફોન પર OTPના અઢળક મેસેજ આવ્યા

અમદાવાદ

અમદાવાદના નવરંગપુરામાં રહેતી આઈટી એન્જિનિયર યુવતીને રેપિડોથી પાર્સલ મોકલ્યા બાદ ભાડા બાબતે ડિલિવરી બોય સાથે માથાકૂટ થઈ હતી. ઝગડા બાદ યુવતીને અલગ-અલગ નંબર પરથી OTPના અઢળક મેસેજ આવ્યા હતા. યુવતીના નામથી ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી તેનો ફોટો ડીપીમાં મૂકી અજાણ્યા શખસે યુવતીના ફોટા સ્ટોરીમાં મૂકીને અશ્લીલ લખાણ પણ લખ્યા હતાં. એટલું જ નહીં અજાણ્યા શખસે પૈસા અને આઈફોનની પણ માંગણી કરી હતી, જે અંગે યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગત 23 મેના રોજ યુવતીએ રેપિડો એપ્લિકેશન મારફતે પાર્સલ મોકલ્યું હતું અને ભાડાના રૂ.77 ગુગલ પેથી ચૂકવ્યા હતા. ડિલિવરી બોયે ડિલિવરી કર્યા બાદ યુવતી પાસે પૈસા માંગ્યા, ત્યારે યુવતીએ ગુગલ પેનો સ્ક્રીન શોર્ટ ડિલિવરી બોયને મોકલ્યો હતો, છતાં ડિલિવરી બોયે પૈસા ન મળ્યા હોવાનું કહીને યુવતીના ઘરે પહોંચી ગયો હતો. ડિલિવરી બોયના ખરાબ વર્તન બદલ યુવતીએ રેપિડોમાં ફરિયાદ કરી હતી.

23 મેના ઝગડા બાદ 26 મેના રોજ યુવતીના ફોન પર અલગ-અલગ નંબરથી રેપિડો અને અન્ય કંપનીના OTP આવવા લાગ્યા હતા. યુવતી જે કંપનીમાં કામ કરતી તે કંપનીમાં બિઝનેસ માટેના ફોર્મ ભર્યા હતાં, જેમાં પર્સનલ ડિટેઈલમાં અશ્લીલ શબ્દો લખ્યા હતા. એટલું જ નહીં યુવતીને તેના ભળતાં નામથી ઈમેલ આવ્યો હતો, જેમાં પણ અશ્લીલ મેસેજ કર્યા હતા. થોડા દિવસ બાદ યુવતીના નામથી ફેક આઈડી બન્યું, જેમાં તેણીના ફોટાનો ઉપયોગ કરી ડીપી મૂકવામાં આવ્યો હતો. યુવતીના ફોટાથી સ્ટોરી મૂકી અશ્લીલ લખાણ પણ લખ્યું હતું.

યુવતીએ તેના આઈડીથી ફેક આઈડીમાં મેસેજ કરી 'તારે શું જોઈએ છે?' પૂછતા સામે વાળા વ્યક્તિએ યુવતીને કહ્યું કે, માફી મંગાવી પડશે, 77 હજાર રૂપિયા અને એક આઈફોન લઈ આપવો પડશે. જો પૈસા ન આપે તો યુવતીના ફોટા અને લખાણ તેના મિત્રોને મેસેજ કરશે. આ પ્રકારની માંગણી કરતા યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે.

# અમદાવાદ : બિલ્ડરે એકાઉન્ટન્ટને સહી કરેલી કોરી ચેકબુકો આપી, 16 મહિનામાં 1.23 કરોડ બીજાના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા

અમદાવાદ

અમદાવાદના સીટીએમ વિસ્તારમાં આવેલી કન્સ્ટ્રક્શન કંપનીના એકાઉન્ટન્ટે બિલ્ડરના વિશ્વાસનો ગેરફાયદો ઉઠાવી 1.23 કરોડની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. આરોપી એકાઉન્ટન્ટે સહી કરેલા કોરા ચેકોમાં મજૂરી કામના ચૂકવણા બતાવી પોતાના અંગત પરિચિતોના બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. કંપનીના ઓડિટ દરમિયાન સમગ્ર ભાંડો ફૂટતાં બિલ્ડરે ખોખરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. ઘોડાસરમાં રહેતા શરદ પટેલ સીટીએમ ખાતે અનમોલ આંગન કોમ્પ્લેક્સમાં 'મહાદેવ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ' અને 'ઓમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' નામે કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. તેમની કંપનીમાં મણિનગરનો માર્મિક પંડ્યા છેલ્લા દસ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. લાંબા સમયથી કામ કરતો હોવાથી બિલ્ડરે તેના પર વિશ્વાસ મૂકીને પેમેન્ટ ચૂકવવા માટે સહી કરેલી કોરી ચેકબુક તેની પાસે રાખી હતી. ઓગસ્ટ, 2024થી નવેમ્બર, 2025 દરમિયાન માર્મિક પંડ્યાએ ચેકોમાં પોતાની રીતે રકમ ભરીને અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરાવી દીધી હતી. તેણે ટેલી સોફ્ટવેરમાં આ એન્ટ્રીઓ લેબર ચાર્જ (મજૂરી ખર્ચ) તરીકે દર્શાવી હતી. તાજેતરમાં જ્યારે કંપનીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) દ્વારા ઓડિટ કરવામાં આવ્યું ત્યારે લેબર પેમેન્ટ સંબંધિત બિલ માંગવામાં આવ્યા હતા.

## દહેગામમાં નાના ભાઈની પત્નીના પ્રેમી સહિત 4 સકંજામાં

# ગાંધીનગર : પ્રેમસંબંધના વિવાદમાં યુવકનું અપહરણ કરી કેનાલમાં ફેંકી દીધાની આશંકા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં ગઈકાલે ધોળા દિવસે પંકજ સોસાયટીના આશાદીપ બંગલા આગળ રોડ પરથી એક યુવકને વાસણા સોગઠી ગામનો કિરણસિંહ ખોડસિંહ ચૌહાણ તેના ત્રણ સાગરીતો સાથે કારમાં અપહરણ કરી લઈ ગયો હતો.

આ મામલે દહેગામ પોલીસે મોડી રાત્રે ચારેય અપહરણકારોને રાઉન્ડઅપ કરી પૂછપરછ કરતા કિરણસિંહે પોતાના અવૈધ સબંધોની અદાવતમાં સાગરીતો સાથે મળીને ભરતનું અપહરણ કરી બહિયલ પાસેથી પસાર થતી અપ્રુજી કેનાલમાં ફેંકી દીધો હોવાની શંકા વ્યક્ત કરી છે. જેના પગલે હાલમાં પોલીસે તરવૈયાઓની મદદથી કેનાલમાં ભરતની શોધખોળ શરૂ કરી છે.

અપહૃતના ભાઈ દીપકભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે તેમના પિતાનું



2001માં અવસાન થયું હતું અને માતાનું નામ કાંતાબેન છે. તેઓ સાત ભાઈ-બહેન છે. ધોરણ 7 સુધી ભણેલા ભરતભાઈ મજૂરીકામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે.

ગઈકાલે બપોરે દીપકભાઈના ઘરે કાળીબેન શંકાજી ચૌહાણે આવીને જણાવ્યું હતું કે, આશરે દોઢ વાગ્યાના અરસામાં ભરતભાઈને ચાર માણસોએ ઘેરી

લીધા હતા. આરોપીઓએ ગાળો બોલી, ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારી ભરતભાઈને સફેદ રંગની ગાડીમાં બળજબરીપૂર્વક બેસાડી લીધા હતા. ભરતભાઈએ 'બચાવો બચાવો' ની બૂમો પાડી અને ગાડી રોકવા છતાં શખસો કાર ભગાડી ગયા હતા.

આ હકીકત મળતા દીપકભાઈ અને તેમના ભાઈ મનુભાઈએ પંકજ સોસાયટી પાસે તપાસ કરતા આશાદીપ બંગલા નજીક રસ્તા પર ભરતભાઈની ચંપલ પડી હોવાનું માલૂમ પડ્યું હતું. ત્યાં હાજર લોકોએ સફેદ રંગની અલ્ટો કારમાં ચાર શખસો અપહરણ કરી દહેગામ-રખિયાલ રોડ તરફ ગયા હોવાનું જણાવ્યું હતું. પરિવારે પંકજ સોસાયટી નજીકના સરકારી ગોડાઉનના CCTV જોવડાવતા ભરતભાઈ પાસે ચાર માણસો દેખાયા હતા, જેમાં એક શખસ વાસણા સોગઠી ગામનો કિરણસિંહ ખોડસિંહ ચૌહાણ હોવાની ઓળખ થઈ હતી.

# તેજગઢમાં પ્રેમ સંબંધ ના રાખતા પ્રેમીએ ચપ્પાના ઘા ઝીંકી દીધા 3 સંતાનોની માતાને મોતને ઘાટ ઉતારી

છોટાઉદેપુર

તેજગઢ ગામના કોરાજ (ડુંગર) ફળિયામાં રાત્રે પોતાના જ ઘરમાં સૂતેલી ત્રણ સંતાનની માતા ભારતીબેન રાઠવાની ચપ્પા વડે હત્યા કરવામાં આવી છે. આરોપી તેનો કૌટુંબિક ભત્રીજા અને અગાઉનો પ્રેમી સુનિલભાઈ શૈલેષભાઈ રાઠવા છે. છેલ્લા એકાદ વર્ષથી બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો અને હાલમાં સંબંધ ન રાખતાં અદાવત રાખી હત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. ઉલ્લેખનીય છે કે સદર ઘટના તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ની રાત્રે આશરે કલાક ૦૧:૩૦થી ૦૨:૦૦ વાગ્યાની વચ્ચે બની હોય. તેજગઢથી એક કિલોમીટર દૂર કોરાજ (ડુંગર) ફળિયામાં મૃતક ભારતીબેન (ઉંમર આશરે ૩૪-૩૫ વર્ષની વચ્ચે) યોગેશભાઈ વિપીનભાઈ રાઠવાની પત્ની અને ત્રણ સંતાનની માતા હતી. તે ઘરમાં સૂતી હોય ત્યારે આરોપી સુનિલભાઈએ તેના ગળાના ભાગે તથા પીઠના પાછળના ભાગે ચપ્પા વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના પરિણામે તેનું મોત નીપજ્યું હતું.મૃતક ભારતીના પિતા વરશનભાઈ દીતીયાભાઈ , રહે. ખજુરીયા, ભગત ફળીયા, તા.છોટાઉદેપુર એ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપી સુનિલભાઈ તેમની દિકરી સાથે છેલ્લા એકાદ વર્ષથી પ્રેમ સંબંધ રાખતો હતો. હાલમાં સંબંધ ન રાખતાં અદાવત રાખી રાત્રે હત્યા કરી હોવાનું જણાવાયું છે.

## ગાંધીનગર જિલ્લાના દહેગામ સરહદી વિસ્તારમાં

# પારિવારિક તણાવથી હતાશ યુવકને નર્મદા કેનાલમાં ઝંપલાવતા ડભોડા પોલીસે બચાવ્યો

બનાવની જાણ થતાં જ યુવકના ચિંતાતુર પરિવારજનો તાબડતોબ સ્ટેશન દોડી આવ્યા હતા, પોલીસે પરિવારની હાજરીમાં યુવકને જીવનનું મૂલ્ય સમજાવીને યોગ્ય સમજાવટ કરી હતી અને સુખરૂપ તેને તેના પરિવારને સોંપ્યો હતો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ સરહદી વિસ્તારમાં આવેલી રાયપુર નર્મદા કેનાલ પાસે 14 ઓગસ્ટેની રાત્રે એક યુવકને જીવન ટૂંકાવતા બચાવવામાં આવ્યો હતો. પારિવારિક સમસ્યાઓ અને માનસિક તણાવથી હતાશ થયેલા ૩૫ વર્ષીય યુવકને ડભોડા પોલીસની પેટ્રોલીંગ ટીમે સમયસર અટકાવ્યો હતો. પોલીસની આ માનવીય કામગીરીથી એક પરિવાર વિખેરાતો અટક્યો છે.

દરમિયાન રાત્રિના આશરે સાડા દસેક વાગ્યાના સુમારે રાયપુર ગામની સીમમાંથી



પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ નજીક એક યુવક એકલો અને અત્યંત ગભરાયેલી તથા હતાશ હાલતમાં ભટકતો જોવા મળ્યો હતો. તેની શંકાસ્પદ હલચલ જોઈને પેટ્રોલીંગમાં રહેલા પોલીસ જવાનોએ તુરંત સમયસૂચકતા દાખવી તેને અટકાવ્યો. પોલીસે અત્યંત પ્રેમપૂર્વક અને સહાનુભૂતિથી પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે, આ યુવક હાઈકોર્ટ ખાતે પટ્ટાવાળા તરીકે ફરજ બજાવે છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ગંભીર પારિવારિક તકલીફો અને ઘરકંકાસના કારણે તે માનસિક રીતે ભાંગી પડ્યો હતો. હતાશાના અતિરેકમાં આવીને તેણે પોતાનું જીવન ટૂંકાવી લેવાનો ખોટો નિર્ણય કરી લીધો હતો અને ઘરેથી કોઈને કહ્યા વગર નીકળીને કેનાલમાં ઝંપલાવવા માટે જઈ રહ્યો હતો. ડભોડા પોલીસ સ્ટેશનના જવાનોએ સ્થળ પર જ યુવકને શાંત પાડી તેનું કાઉન્સેલિંગ કર્યું હતું અને તેને સલામત રીતે ડભોડા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે તુરંત જ તેના પરિવારજનોનો સંપર્ક સાધીને સમગ્ર ઘટનાની જાણ કરી હતી.



સારા છેલ્લે ફિલ્મ 'પતિ, પત્ની ઔર વો ટુ'માં જોવા મળી હતી

# સારાઅલીખાનેઉજવ્યો31મોજન્મદિવસ, ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા...

મુંબઈ

અભિનેત્રી મૃણાલ ઠાકુર અને ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ આ દિવસોમાં તેમની કથિત ડેટિંગને લઈને ચર્ચામાં છે. બંનેને મુંબઈના બાંદ્રા સ્થિત એક કેફેની આસપાસ જોયા બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેના આધારે બંનેના સંબંધોને લઈને અટકળો શરૂ થઈ હતી.

ખાસ વાત એ છે કે યશસ્વી ઉંમરમાં મૃણાલથી લગભગ 10 વર્ષ નાના છે. જોકે, આ વાયરલ વીડિયો બાદ બંનેના સંબંધોની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ ન હતી. હવે મૃણાલ ઠાકુરે પોતે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપીને સ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર વાયરલ દાવાઓને લઈને લોકોને કહ્યું કે તેઓ થોડો આરામ કરે અને પુષ્ટિ વિના આવી વાતો ફેલાવવાનું ટાળે. મૃણાલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલના કથિત સંબંધોની ચર્ચા જુલાઈના અંતમાં શરૂ થઈ હતી. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થયો, જેમાં મૃણાલને મુંબઈના બાંદ્રા વેસ્ટ વિસ્તારના એક કેફેમાંથી બહાર નીકળતા બતાવવામાં આવી હતી. આ પછી વીડિયોને યશસ્વી જયસ્વાલ સાથે જોડીને વિવિધ દાવાઓ કરવામાં આવ્યા. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેને બંનેના ડેટિંગનો પુરાવો પણ ગણાવવાનું શરૂ કરી દીધું. જોકે, તે સમયે ઉપલબ્ધ માહિતીમાં આવી કોઈ ડેટની પુષ્ટિ થઈ ન હતી. વાયરલ ક્લિપના આધારે સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે મૃણાલ અને યશસ્વી એક જ જગ્યાએ પહોંચ્યા હતા અને બાદમાં અલગ-અલગ ત્યાંથી નીકળ્યા હતા. આ જ વાતથી અફવાઓને વધુ વેગ મળ્યો. જોકે, કેટલીક સોશિયલ મીડિયા ચર્ચાઓમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે વાયરલ ક્લિપને અલગ-અલગ વીડિયોને જોડીને તૈયાર કરવામાં આવી હતી. તેથી વીડિયોને બંનેના સંબંધનો પાક્કો પુરાવો માનવો યોગ્ય નહોતો. હવે મૃણાલે પોતે આપ્યો જવાબ લગાતાર ચાલી રહેલી આ અફવાઓ વચ્ચે મૃણાલ ઠાકુરે હવે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે વાયરલ દાવાઓને લઈને સ્પષ્ટપણે નારાજગી વ્યક્ત કરી અને લખ્યું- 'Bro relax' એટલે કે ભાઈ, થોડો આરામ કરો. તેમની પ્રતિક્રિયાનો અંદાજ એ દર્શાવે છે કે તેઓ આ પ્રકારની અટકળોને ગંભીરતાથી લઈ રહ્યા નથી.

**સારા અલી ખાન એ આ ખાસ દિવસ પોતાની માતા અમૃતા સિંહ, ભાઈ ઈબ્રાહિમ અલી ખાન અને બોલીવૂડના અંગત મિત્રો સાથે ઉજવ્યો હતો.**

# શ્વેતા તિવારી શું ખરેખર ફરી લગ્ન કરી રહી છે?

## વિશાલે શ્વેતા તિવારી સાથેના રોમેન્ટિક સંબંધો અને લગ્ન અંગેની અફવાઓનો ઉલ્લેખ કર્યો

મુંબઈ

પ્રખ્યાત ટીવી અભિનેતા વિશાલ આદિત્ય સિંહ હાલમાં રોહિત શેટ્ટીના રિયાલિટી શો, 'ખતરો કે ખિલાડી 15' માં તેના અપિરિયન્સને લઈ હેડલાઈન્સમાં છે,જોકે શો છોડ્યા પછી, તેના અંગત જીવનને લગતા ઘણા પ્રશ્નોના જવાબ પણ આપ્યા છે. ટીવી ઈન્ડસ્ટ્રીના જાણીતા અભિનેતા વિશાલ આદિત્ય સિંહ તાજેતરમાં રોહિત શેટ્ટીના રિયાલિટી શો, 'ખતરોં કે ખિલાડી 15' માં હાજરી આપવા બદલ ચર્ચામાં રહ્યા છે. શોમાંથી બહાર નીકળ્યા પછી, અભિનેતાએ તેમના અંગત જીવનના વિવિધ પાસાઓ વિશે સ્પષ્ટતાથી વાત કરી. તેમણે ખાસ કરીને શ્વેતા તિવારી સાથેના રોમેન્ટિક સંબંધો અને લગ્ન અંગેની અફવાઓનો ઉલ્લેખ કર્યો વિશાલ સિંહનો નોંધપાત્ર ચાહક વર્ગ છે. જ્યારે તેમને શૉ માંથી બહાર કરવામાં આવ્યા ત્યારે તેમના ચાહકો ખૂબ નિરાશ થયા હતા. શો છોડ્યા પછી, વિશાલે તેમની કારકિર્દી સાથે સંબંધિત અનુભવો શેર કર્યા. તેમણે શ્વેતા તિવારી સાથેની તેમની મિત્રતા અને તેમના સંબંધોને લગતી ચાલી રહેલી અટકળો વિશે પણ ખુલ્લેઆમ વાત કરી.વિશાલ આદિત્ય સિંહે શ્વેતા તિવારી સાથેના અફેરની અફવાઓ પર નારાજગી વ્યક્ત કરી. તેમણે ટિપ્પણી કરી કે સોશિયલ મીડિયા પર લોકો કંઈપણ લખે છે અને કંઈપણ વિચાર્યા વિના લખે છે. આવા અહેવાલોથી તેમને સૌથી વધુ દુઃખ થાય છે જ્યારે તેમના પોતાના પરિચિતો પણ આ અફવાઓને સાચી માને છે અને તેમની મજાક ઉડાવવા લાગે છે.આ સાથે, વિશાલે કહ્યું કે શ્વેતા તેની ખૂબ જ સારી મિત્ર છે. તે હંમેશા તેને 'તિવારી જી' કહીને સંબોધે છે. એટલું જ નહીં, તે તેના માટે માતા જેવી પણ છે, છતાં તે તેને પોતાનો શ્રેષ્ઠ મિત્ર માને છે.



# 'આવારાપન 2' ફિલ્મે સની દેઓલની 'બંટવારા 1947'ને આપી માત

## 'આવારાપન 2' 19 વર્ષ જૂની કલ્ટ ક્લાસિક ફિલ્મની સિક્વલ હોવાને કારણે દર્શકોમાં ક્રેઝ ઘણો વધારે છે

મુંબઈ

15 ઓગસ્ટના રાષ્ટ્રીય તહેવાર અને રજાના કારણે દેશભરના સિનેમાઘરોમાં દર્શકોની ભારે ભીડ જોવા મળી હતી. આ સ્વતંત્રતા દિવસે બોક્સ ઓફિસ પર બે મોટી ફિલ્મોએ દસ્તક આપી છે. એક ઈમરાન હાશ્મીની 'આવારાપન 2' અને બીજી સની દેઓલની 'બંટવારા 1947' ફિલ્મ વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. 14 ઓગસ્ટે રિલીઝ થયેલી આ બંને ફિલ્મોને રજાનો ભરપૂર ફાયદો મળ્યો છે, પરંતુ કલેક્શનના મામલે ઈમરાન હાશ્મીની ફિલ્મે શરૂઆતના બે દિવસમાં જ મોટો સ્પષ્ટ તફાવત ઊભો કરી દીધો છે. આવારાપન 2 ફિલ્મનો દર્શકોમાં ક્રેઝ જોવા મળ્યો. વિગતે વાત કરવામાં આવે તો, 'આવારાપન 2' 19 વર્ષ જૂની કલ્ટ ક્લાસિક ફિલ્મની સિક્વલ હોવાને કારણે દર્શકોમાં ક્રેઝ ઘણો વધારે છે. બીજી તરફ, સની દેઓલની 'બંટવારા 1947' પણ થિયેટરોમાં પોતાની પકડ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે. આ ફિલ્મોની રેસ વચ્ચે હોલિવુડની 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' અને સાઉથની ફિલ્મ 'ડીસી: ધ બ્લડી વેલેન્ટાઈન' પણ સારી એવી કમાણી કરી રહી છે. કમાણીની વાત કરવામાં આવે તો, આવારાપન 2 ફિલ્મે પ્રથમ દિવસે રૂપિયા 22 કરોડની શાનદાર ઓપનિંગ કર્યા બાદ બીજા દિવસે ફિલ્મે મોટી છલાંગ લગાવી રૂપિયા 25.76 કરોડનું નેટ કલેક્શન કર્યું છે. આ સાથે જ બે દિવસનું કુલ નેટ કલેક્શન રૂપિયા 47.76 કરોડને પાર પહોંચી ગયું છે. શનિવાર સુધીમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન રૂપિયા 56.80 કરોડ નોંધાયું છે. બંટવારા 1947 ફિલ્મની કમાણીના આંકડાની વાત કરવામાં આવે તો, સ્વાતંત્ર્ય દિનના દિવસે આ ફિલ્મે બીજા દિવસે રૂપિયા 10.15 કરોડનું નેટ કલેક્શન કર્યું હતું. બે દિવસમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન રૂપિયા 15 કરોડને પાર પહોંચ્યું છે, જ્યારે કુલ ગ્રોસ કલેક્શન માત્ર રૂપિયા 18.82 કરોડ થયું છે. ભારતીય સિનેમામાં 15 ઓગસ્ટની તારીખ હંમેશા કમાણી માટે ગોલ્ડન પીરિયડ માનવામાં આવે છે.









# હિપ ઇજા પછી રશ્મિકા મંદાનાનું દર્દ છલકાયું: ફેન્સમાં ચિંતા

## અભિનેત્રી રશ્મિદાએ જણાવ્યું કે શરીર સાથે માણસો જેવો વ્યવહાર કરો, આ મશીન નથી

મુંબઈ

સાઉથ અને બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી રશ્મિકા મંદાના આ દિવસોમાં હિપ ઈજામાંથી સાજા થઈ રહી છે. ફિલ્મ 'માયસા'ના શૂટિંગ દરમિયાન ડાન્સ સીક્વન્સ કરતી વખતે તેને ઈજા થઈ હતી. હવે અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર પોતાની તબિયત વિશે અપડેટ આપ્યું છે. તેણે જણાવ્યું કે તે પહેલા કરતા સારી છે અને આ બ્રેકમાં પરિવાર સાથે સમય વિતાવી રહી છે. રશ્મિકાએ પહેલા જણાવ્યું હતું કે તેના જમણા હિપને પગ સાથે જોડતો એક ટેન્ડન અલગ થઈ ગયો હતો. તેને ફરીથી જોડવા માટે રિકવરી અને આરામની જરૂર છે. રિપોર્ટ્સ અનુસાર, 'માયસા'ના ડાન્સ સીક્વન્સ દરમિયાન તે લપસી ગઈ હતી. આ તેના કરિયરની સૌથી વધુ આક્રમક અને ફિઝિકલ ફિલ્મોમાંથી એક હોવાનું કહેવાય છે. રશ્મિકાએ કહ્યું હતું કે આ સતત ત્રીજી ઈજા છે. તેણે અનુભવ્યું કે તેણે પોતાના શરીરને મશીનની જેમ નહીં, પરંતુ માનવીય શરીરની જેમ ગણવું જોઈએ. ઈજા પછી તે વર્કઆઉટ અને રનિંગથી દૂર છે. રિકવરી દરમિયાન તે પઝલ્સ જેવી વસ્તુઓમાં પોતાને વ્યસ્ત રાખી રહી છે. તાજેતરના હેલ્થ અપડેટમાં રશ્મિકાએ જણાવ્યું કે સતત દોડધામવાળી જિંદગી વચ્ચે અચાનક અટકી જવું શરૂઆતમાં તેને ડરામણું લાગ્યું. પરંતુ હવે તેને લાગી રહ્યું છે કે જિંદગીમાં ક્યારેક ધીમા થવું જરૂરી છે. તેણે ચાહકોની પ્રાર્થના અને સકારાત્મકતા માટે આભાર વ્યક્ત કર્યો. અભિનેત્રી નીના ગુપ્તાએ પણ તેની પોસ્ટ પર કોમેન્ટ કરીને તબિયત પૂછી, જેના જવાબમાં રશ્મિકાએ કહ્યું કે હવે તે સારી છે. રશ્મિકાની ઈજાની અસર તેના સ્વાસ્થ્યની સાથે અન્ય પ્રોજેક્ટ્સના શેડ્યૂલ પર પણ પડી છે. વિજય દેવરકોંડા સાથેની તેની ફિલ્મ 'રણાબાલી' પહેલા સપ્ટેમ્બર 2026માં રિલીઝ થવાની હતી. ઈજા બાદ તેની રિલીઝ ઓક્ટોબર સુધી લંબાવવાની શક્યતા છે. જોકે, મેકર્સ તરફથી અંતિમ રિલીઝ ડેટ અંગે સ્થિતિ સ્પષ્ટ થવી બાકી છે. આ ફિલ્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે તેમાં રશ્મિકા અને વિજય દેવરકોંડાની જોડી લાંબા સમય બાદ સાથે જોવા મળશે.

# પાન મસાલા પ્રમોશન કરવા બદલ શાહરૂખ, અજય અને ટાઈગરને નોટિસ, FDAએ માંગ્યો જવાબ

મુંબઈ

ઈલાયચીના એક વિજ્ઞાપનને લઈને બોલીવુડના ત્રણ દિગ્ગજ અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફ કાનૂની મુશ્કેલીમાં ફસાયા છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા આ ત્રણેય કલાકારોને કારણ દર્શાવતી નોટિસ પાઠવવામાં આવી છે. FDA નો આક્ષેપ છે કે આ વિજ્ઞાપન ઈલાયચીના નામે પ્રતિબંધિત પાન મસાલાનું અપ્રત્યક્ષ એટલે કે સરોગેટ પ્રોમોશન કરવામાં આવી છે. આ નોટિસમાં આ ત્રણેય અભિનેતાઓ પાસે જવાબ માંગવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર FDAના જણાવ્યા અનુસાર, ઓનલાઈન અને અન્ય મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત થઈ રહેલી આ જાહેરાતમાં ઉપયોગમાં લેવાયેલું બ્રાન્ડ નામ, સંવાદ અને પ્રેઝન્ટેશન સીધી રીતે બ્રાન્ડને પાન મસાલા સાથે જોડે છે. મહારાષ્ટ્ર સરકારના 13 જુલાઈ 2026ના આદેશ અનુસાર રાજ્યમાં પાન મસાલા જેવા સ્વાસ્થ્ય માટે હાનિકારક ઉત્પાદનોના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન,



વિતરણ અને વેચાણ પર એક વર્ષ માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. FDA દ્વારા પોતાના પત્રમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ (FSS Act), 2006 ની કલમ 24 અને 53 નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાયદા હેઠળ ખાદ્ય પદાર્થોને લગતી એવી તમામ જાહેરાતો પર પ્રતિબંધ છે જે ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી હોય કે ફૂડ સેફ્ટી લોનું ઉલ્લંઘન કરતી હોય! ભ્રામક કે ગેરમાર્ગે દોરતી જાહેરાતોમાં સામેલ થવા બદલ રૂપિયા 10 લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. નોંધનીય છે કે, FDA દ્વારા અજય દેવગન, શાહરૂખ ખાન અને ટાઈગર શ્રોફને લિખિત નોટિસ મોકલીને આ વિજ્ઞાપનમાં તેમની ભાગીદારી અને પ્રમોશનલ સપોર્ટ અંગે પોતાનો પક્ષ રજૂ કરવા જણાવ્યું છે. આ સાથે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ તેમની સામે કાનૂની કાર્યવાહી કેમ ન કરવામાં આવે? તેનો પણ જવાબ માંગવામાં આવ્યો છે.

### 23 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ રમવા પહોંચેલી બાંગ્લાદેશી ટીમે ઈતિહાસ બદલ્યો

# બાંગ્લાદેશે પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં કાંગારુઓને પછાડ્યા, ડાર્વિન ટેસ્ટમાં જીત

ડાર્વિન

બાંગ્લાદેશે પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર ટેસ્ટ મેચમાં હરાવીને નવો ઈતિહાસ રચી દીધો છે. આ પહેલા 2003 માં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાની ધરતી પર 2 ટેસ્ટ રમ્યા હતા અને બંનેમાં હારનો સામનો કરવો પડ્યો હતો. એટલે કે 23 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ રમવા પહોંચેલી બાંગ્લાદેશી ટીમે આ વખતે ઈતિહાસ બદલી નાખ્યો છે. ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ શ્રેણીનો પ્રથમ મુકાબલો ડાર્વિનના મરારા ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયો હતો. આ મુકાબલામાં બાંગ્લાદેશે 9 વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. બાંગ્લાદેશને જીતવા માટે 57 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જે તેણે ચોથા દિવસના બીજા સેશનમાં હાંસલ કરી લીધો હતો. બાંગ્લાદેશની જીતના હીરો ફાસ્ટ બોલર હસન મહમૂદ અને ઓલરાઉન્ડર મેહદી હસન મિરાજ રહ્યા હતા. મહમૂદે આ મેચમાં કુલ 9 વિકેટ ઝડપી હતી. જ્યારે મિરાજે 65 રન




બનાવવાની સાથે-સાથે મેચમાં 5 વિકેટ પણ પોતાના નામે કરી હતી. બાંગ્લાદેશની ઓસ્ટ્રેલિયા સામે તેના જ ઘરમાં આ પ્રથમ ટેસ્ટ જીત રહી. આ સાથે જ ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને બીજી વખત પરાજિત કર્યું છે. આ પહેલા ઓગસ્ટ 2017 માં મીરપુર ટેસ્ટમાં તેણે કંગારૂ ટીમ પર 20 રને જીત મેળવી હતી. બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અત્યાર સુધીમાં 7 ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં ઓસ્ટ્રેલિયાએ 5 મેચ અને બાંગ્લાદેશે 2 મેચ જીતી છે. ટેસ્ટ સિરીઝની બીજી મેચ 22 ઓગસ્ટથી મેકે ખાતે રમાશે. મુકાબલાના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી ઈનિંગ્સના સ્કોર 161/4 થી આગળ રમવાનું શરૂ કર્યું હતું. મેહદી હસન મિરાજે પહેલા જ સેશનમાં એલેક્સ કેરી (30 રન), બ્યુ વેબસ્ટર (5 રન) અને પેટ કમિન્સ (8 રન)ને આઉટ કરીને ઓસ્ટ્રેલિયાની સ્થિતિ મુશ્કેલ બનાવી દીધી હતી. વિકેટોના પતન વચ્ચે કેમરન ગ્રીન ક્રીઝ પર ટકી રહ્યો હતો. ગ્રીને 4 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 201 બોલમાં 104 રન બનાવ્યા હતા. ગ્રીનના ટેસ્ટ કરિયરની આ 3જી સદી હતી. મિચેલ સ્ટાર્કે (18 રન) પણ ક્રીઝ પર ટકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તસ્કીન અહમદે તેની ઈનિંગ્સનો અંત આણ્યો હતો. કેમરન ગ્રીન 9મી વિકેટ તરીકે આઉટ થયો હતો, જેને હસન મહમૂદે બોલ્ડ કર્યો હતો.

## હોકી વર્લ્ડ કપમાં ભારતની જીતથી શરૂઆત

નવી દિલ્હી

ભારતે મેન્સ હોકી વર્લ્ડ કપમાં જીતથી શરૂઆત કરી છે. તેણે શનિવારે પોતાની પહેલી મેચમાં વેલ્સને 3-1થી હરાવ્યું. 7મી મિનિટમાં સંજયે પેનલ્ટી પર ગોલ કરીને ટુર્નામેન્ટમાં ભારતના ગોલનું ખાતું ખોલ્યું. ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે 11મી અને 43મી મિનિટમાં પેનલ્ટી પર ગોલ ફટકાર્યા. છેલ્લી મિનિટોમાં વેલ્સના સેમ વેલ્શે ગોલ કરીને હારનું અંતર ઓછું કર્યું. અહીં વેલ્સને પેનલ્ટી સ્ટ્રોક મળવાનો હતો, પરંતુ રેફરીના હાથમાંથી વ્હીસલ છૂટી ગઈ. તેઓ સીટી વગાડે તે પહેલાં જ સેમે ગોલ કરી દીધો. આ પહેલાં મહિલા વર્લ્ડ કપની પહેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ જાપાનને 2-0થી હરાવ્યું. જ્યારે, જર્મનીએ સ્કોટલેન્ડને 3-0થી હાર આપી. 56મી મિનિટમાં વેલ્સને સ્ટીક ટેકલના કારણે પેનલ્ટી સ્ટ્રોક મળ્યો. અમ્પાયર સીટી વગાડવાના હતા, પરંતુ



સીટી હાથમાંથી છૂટી ગઈ. આ પછી વેલ્સે બોલ ગોલમાં પહોંચાડ્યો અને રિવ્યૂ પછી ટીવી અમ્પાયરે નિર્ણય આપ્યો કે બોલ સીટી વાગતા પહેલા ગોલમાં જઈ ચૂક્યો હતો. વેલ્સના સેમ વેલ્શે ગોલ કરીને સ્કોર 3-1 કરી દીધો. ભારતીય કેપ્ટને વધુ એક પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતને 3-0થી આગળ કરી દીધું. તેની લો અને ઝડપી ડ્રેગફ્લિક ગોલકીપરની ડાબી બાજુ ગઈ. આ મેચમાં તેનો બીજો ગોલ અને વર્લ્ડ કપમાં આઠમો ગોલ છે.

### રહેમત શાહની અણનમ સદી

## અફઘાનિસ્તાને આયર્લેન્ડને 6 વિકેટે હરાવ્યું: 4-0થી સિરીઝ જીતી

મુંબઈ

અફઘાનિસ્તાને આયર્લેન્ડ સામે 299 રનનો ટાર્ગેટ 48.5 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ચેઝ કર્યો. ટીમે પાંચમી અને છેલ્લી વન-ડેમાં આયર્લેન્ડને 6 વિકેટે હરાવીને સિરીઝ 4-0થી પોતાના નામે કરી. બેલફાસ્ટના સિવિલ સર્વિસ ક્રિકેટ ક્લબમાં રમાયેલી મેચમાં રહેમત શાહે અણનમ 143 રનની ઈનિંગ રમી. તેણે સિદ્દીકુલ્લાહ અટલ (98) સાથે ત્રીજી વિકેટ માટે 201 રન જોડ્યા. આ અફઘાનિસ્તાનના વન-ડે ઈતિહાસમાં ત્રીજી વિકેટની સૌથી મોટી ભાગીદારી છે. અફઘાનિસ્તાને 299 રનનો



ટાર્ગેટ ચેઝ કરીને વન-ડેમાં પોતાનો સૌથી મોટો સફળ રન ચેઝ કર્યો. આ પહેલા ટીમનો સૌથી મોટો સફળ રન ચેઝ 295 રન હતો. આ જીત સાથે અફઘાનિસ્તાને 5 મેચની સિરીઝ 4-0થી જીતી લીધી. સિરીઝની પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ ગઈ હતી. 22 રનમાં 2 વિકેટ ગુમાવી: મેકકાર્થીએ બંને ઓપનરોને આઉટ કર્યા. 299 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની શરૂઆત ખરાબ રહી.

ટીમે 6 ઓવરની અંદર 22 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી. આયર્લેન્ડના ઝડપી બોલર લિયમ મેકકાર્થીએ રહેમાનુલ્લાહ ગુરબાઝ અને ઈબ્રાહિમ ઝદરાનને આઉટ કર્યા. આ પછી રહેમત શાહ અને સિદ્દીકુલ્લાહ અટલે ઈનિંગને સંભાળી. બંનેએ શરૂઆતી દબાણમાંથી બહાર નીકળીને ધીમે ધીમે રન ગતિ વધારી અને આયર્લેન્ડના બોલરો પર દબાણ બનાવવાનું શરૂ કર્યું.

## શ્રીલંકા સામે ટેસ્ટમાં દેવદત્ત પડિક્કલે તોડયા 3 મોટા રેકોર્ડ

### 24 વર્ષ બાદ નંબર-3 પર સદી ફટકારનાર તેઓ બીજા ડાબોડી ભારતીય બેટ્સમેન બન્યા

મુંબઈ

ભારતના યુવા ટોપ-ઓર્ડર બેટ્સમેન દેવદત્ત પડિકલે શ્રીલંકા સામે ગૉલ ખાતે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં શાનદાર બેટિંગ કરીને પોતાના ટેસ્ટ કરિયરની પહેલી સદી ફટકારી છે. યશસ્વી જયસ્વાલની વિકેટ પડ્યા બાદ નંબર-૩ પર બેટિંગ કરવા ઉતરેલા પડિકલે ૯ ચોગ્ગા અને 1 ગગનચુંબી છગ્ગાની મદદથી આ સિદ્ધિ મેળવી છે. પોતાના ટેસ્ટ કરિયરની માત્ર ત્રીજી જ મેચ રમી રહેલા પડિકલે સદી ફટકારવાની સાથેસાથે ત્રણ મોટા રેકોર્ડ્સ પણ પોતાના નામે કરી લીધા છે.

ડાબોડી બેટ્સમેન દેવદત્ત પડિકલ 21મી સદીમાં ભારત માટે



નંબર-3 પર ટેસ્ટ સદી ફટકારનાર માત્ર બીજા જ ડાબોડી બેટ્સમેન બન્યા છે. અગાઉ આ સિદ્ધિ પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ વર્ષ 2002માં ઝિમ્બાબ્વે સામે દિલ્હી ટેસ્ટમાં 136 રનની ઈનિંગ રમીને મેળવી હતી. આ રીતે 24 વર્ષના લાંબા અંતરાલ બાદ કોઈ ભારતીય ડાબોડી બેટ્સમેને આ મુકામ હાંસલ કર્યો છે. આ ઉપરાંત, છેલ્લે સપ્ટેમ્બર 2024 માં શુભમન ગિલે ચેન્નઈ ખાતે આ સ્થાન પર સદી ફટકારી હતી, અને ત્યારબાદ 19 ટેસ્ટ મેચોની લાંબી રાહત બાદ આ નંબર પર કોઈ ભારતીય બેટ્સમેન દ્વારા સદી નોંધાઈ છે.

ડાબોડી ખેલાડી દેવદત્ત પડિકલની બે વર્ષના લાંબા સમય બાદ ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. અગાઉ તેમણે ભારત માટે નવેમ્બર 2024માં છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી. લાંબા સમય બાદ મળેલી આ તકને પડિકલે સંપૂર્ણપણે ઝડપી લીધી અને પોતાની સદી દ્વારા સિલેક્ટર્સના વિશ્વાસને સાર્થક સાબિત કર્યો છે.



### રિલાયન્સ અને રોલ્સ-રોયસે ભાગીદારી કરી, ખાસ એરોસ્પેસ કોમ્પ્લેક્સ બનશે

# ફાઇટર જેટનું એન્જિન દેશમાં જ બનશે

મુંબઈ

હવે ભારતમાં જ એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA)નું એન્જિન બનશે. આ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રોલ્સ-રોયસે શુક્રવારે ભાગીદારી કરી છે. બંને કંપનીઓ મળીને એક સ્પેશિયલ એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ બનાવશે. જેમાં સંપૂર્ણપણે સ્વદેશી અને સાર્વભૌમ એન્જિનની ડિઝાઈન, ડેવલપમેન્ટ, ટેસ્ટિંગ, મેન્યુફેક્ચરિંગ અને ડિલિવરી કરશે. સાથે જ લાઈફટાઈમ સપોર્ટ પણ આપવામાં આવશે. ભારતમાં જેટ એન્જિનોનું સ્પેશિયલ સેન્ટર બનશે રિલાયન્સ અને રોલ્સ-રોયસ મળીને ભારતમાં એક 'એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ' બનાવવાની તૈયારીમાં છે. આ




દેશમાં એન્જિનોની નવી ટેકનોલોજી તૈયાર કરનાર સૌથી મોટા સેન્ટર તરીકે કામ કરશે. આના બનવાથી ભારતને હાઈ-ટેક ફાઈટર જેટ એન્જિન બનાવવાની બાબતમાં આખી દુનિયામાં એક નવી મજબૂતી મળશે. અનંત બોલ્યા- ભારત આત્મનિર્ભર બનશે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું હતું કે દેશની સુરક્ષા અને મજબૂતી માટે ભારત પાસે પોતાની ટેકનોલોજી હોવી ખૂબ જ જરૂરી છે. રોલ્સ-રોયસ સાથે મળીને અમે ભારતમાં જ ફાઈટર જેટના એન્જિન બનાવવાની સિસ્ટમ તૈયાર કરીશું. આનાથી ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર તો બનશે જ, સાથે જ દુનિયાના બજારોને પણ ટક્કર આપી શકશે. આ આત્મનિર્ભર ભારત મિશનના સ્વપ્નને પૂરું કરવામાં અમારું એક યોગદાન છે. રોલ્સ-રોયસના CEO તુફાન એર્ગિનબિલ્ગિકે જણાવ્યું હતું કે રિલાયન્સ સાથેની આ ભાગીદારી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આના દ્વારા રોલ્સ-રોયસની એન્જિન બનાવવાની 100 વર્ષ જૂની ટેકનોલોજી અને રિલાયન્સની તાકાત એકસાથે આવશે.

### 12 વાગ્યા સુધીમાં ઘરે બેઠાં જ પૂર્ણ કરો eKYC પ્રોસેસ, ચૂકી ગયા તો સબસિડી બંધ થઈ શકે

# આજથી ગેસના બાટલા માટે ચૂકવવા પડશે વધુ ભાવ

### પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ભારતના ઇંધણના સપ્લાયરોમાં ફેરફાર જોવા મળ્યો છે. હોર્મુઝ ખાડી બંધ થતા, ભારતે અમેરિકાથી LPGની ખરીદીમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

મુંબઈ

જો તમે કોઈ અડચણ વિના ઘરેલું LPG સિલિન્ડર મેળવવા માગો છો, તો આધાર આધારિત e-KYC પૂર્ણ કરવા માટે આજે તમારી પાસે છેલ્લી તક છે. એટલે કે આજે રાત્રે 12 વાગ્યા પછી e-KYC ન કરાવનારા ગ્રાહકોને સિલિન્ડર માટે વધુ કિંમત ચૂકવવી પડી શકે છે. આટલું જ નહીં, બુકિંગ અટકી શકે છે અને ઉજ્જવલા કનેક્શન ધરાવતા લોકોની સબસિડી પણ બંધ થઈ શકે છે. આ નિયમ જૂના અને નવા, બંને ગ્રાહકોને લાગુ પડશે. જોકે, e-KYC ની ડેડલાઈન હજુ નક્કી નથી. આ ઓનલાઈન કે ઓફલાઈન બંને રીતે કરી શકાય છે, પરંતુ લાંબા સમય સુધી e-KYC ન કરાવવા પર કનેક્શન બ્લોક પણ થઈ શકે છે. ઈન્ડિયન ઓઈલ સહિતની તમામ મુખ્ય તેલ કંપનીઓએ સ્પષ્ટ કર્યું છે કે ગ્રાહકોને સબસિડીવાળા દરે સિલિન્ડરનો પુરવઠો ચાલુ રાખવા માટે આજ 16 ઓગસ્ટ 2026 સુધીમાં આધાર આધારિત બાયોમેટ્રિક ઈ-કેવાયસી



(e-KYC) કરાવવું ફરજિયાત છે. આજે તેનો છેલ્લો દિવસ છે. ઈ-કેવાયસીની સમયમર્યાદા ચૂકી જવા પર ગેસ કનેક્શન રદ કરવામાં આવશે નહીં. જોકે, વેરિફિકેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી ગ્રાહકોને અસ્થાયી રૂપે ઘરેલું દરો પર મળતા સિલિન્ડરનો લાભ ગુમાવવો પડી શકે છે. એનો અર્થ એ છે કે કનેક્શન ચાલુ રહેશે પરંતુ તમને તેના પર મળતી છૂટ મળશે નહીં. રિપોર્ટ્સ અને કંપનીઓ અનુસાર, ઈ-કેવાયસી ન હોવા પર ગ્રાહકોને ઘરેલુને બદલે કોમર્શિયલ દરો પર સિલિન્ડર ખરીદવું પડી શકે છે. દિલ્હીમાં જ્યાં 14.2 કિલોનો ઘરેલુ સિલિન્ડર 942 નો છે, ત્યાં 19 કિલોનો કોમર્શિયલ સિલિન્ડર 2,738 નો છે. એટલે કે ગ્રાહકોને એક વખતમાં 1,700 થી વધુનું વધારાનું ચૂકવણું કરવું પડી શકે છે. બાયોમેટ્રિક વેરિફિકેશનનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વાસ્તવિક અને કાયદેસર ગ્રાહકો જ સબસિડીવાળા LPG કનેક્શનનો લાભ લઈ શકે. સરકાર આ દ્વારા સપ્લાય સિસ્ટમમાં પારદર્શિતા વધારવા માગે છે, જેથી ઘરેલું LPGની કાળાબજારી અને તેના ખોટા વ્યાપારી ઉપયોગને સંપૂર્ણપણે રોકી શકાય. સામાન્ય ગ્રાહકો માટે આ નિયમ માર્ચ 2026માં જ ફરજિયાત કરી દેવામાં આવ્યો હતો. તેમ છતાં ઘણા ગ્રાહકોએ હજુ સુધી તેમનું વેરિફિકેશન પૂર્ણ કર્યું નથી.

### ડીઝલ પર ₹24 અને ATF પર ₹19.5 પ્રતિ લિટર લાગશે

# પેટ્રોલ-ડીઝલ અને ATF ની નિકાસ પર વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો

મુંબઈ

કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને હવાઈ ઈંધણ એટલે કે ATFના એક્સપોર્ટ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો કર્યો છે. નવા દરો 14 ઓગસ્ટથી લાગુ થઈ ગયા છે. નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલી અધિસૂચના અનુસાર, પેટ્રોલના એક્સપોર્ટ પરના ટેક્સને સંપૂર્ણપણે નાબૂદ એટલે કે 'ઝીરો' કરી દેવામાં આવ્યો છે, જ્યારે ડીઝલ અને જેટ ફ્યુઅલ પરની ડ્યુટીમાં રાહત આપવામાં આવી છે. કયા ઈંધણ પર કેટલો ઘટાડો થયો. ડીઝલની નિકાસ પર વિશેષ વધારાની આબકારી જકાત એટલે કે SAEDને 25.5 રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને 24 રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવ્યો છે. આ જ રીતે ATF પરની એક્સપોર્ટ ડ્યુટીને 22



રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને 19.5 રૂપિયા પ્રતિ લિટર નક્કી કરવામાં આવી છે. સૌથી મોટી રાહત પેટ્રોલના એક્સપોર્ટ પર મળી છે. 3 ઓગસ્ટે લાદવામાં આવેલા 3.5 રૂપિયા પ્રતિ લિટરના ટેક્સને હવે ઘટાડીને શૂન્ય કરી દેવામાં આવ્યો છે.

સ્થાનિક બજારમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો પર શું અસર થશે? નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશની અંદર સામાન્ય ગ્રાહકો માટે વેચાતા પેટ્રોલ અને ડીઝલના વર્તમાન ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સ્થાનિક બજારમાં ઈંધણની કિંમતો પહેલાની જેમ જ રહેશે. આ નિર્ણય ફક્ત વિદેશોમાં ફ્યુઅલ એક્સપોર્ટ કરતી રિફાઈનરીઓ અને કંપનીઓ માટે લાગુ પડશે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો હતો. આ સમયગાળા દરમિયાન, ભારતીય ઓઈલ રિફાઈનિંગ કંપનીઓ સ્થાનિક બજારમાં સપ્લાય કરવાને બદલે વિદેશી બજારોમાં ઊંચા ભાવે તેલ વેચીને નફો કમાઈ રહી હતી.

## આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો રહ્યો

- **સોનું ₹2742 વધીને ₹1.52 લાખ પર પહોંચ્યું, ચાંદી ₹2461 મોંઘી થઈને ₹2.31 લાખ પ્રતિ કિલો થઈ**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે વધારો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,742 રૂપિયા વધીને 1.52 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 8 ઓગસ્ટે 1.50 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.31 લાખ રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2.34 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે, તેની કિંમત 2,461 રૂપિયા વધી છે. આ વર્ષે સોના-ચાંદીમાં અત્યાર સુધી તેજી રહી આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 19 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. ચાંદીની કિંમતમાં 4 હજાર રૂપિયાનો વધારો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.34 લાખ રૂપિયા પર છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ પણ બનાવી હતી. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેમની ઊંચી સપાટીથી ઘણા નીચે આવી ગયા છે.

### AMCનો મેગા પ્લાન ફ્લોપ

# અમદાવાદમાં શાકમાર્કેટ બની, થડા તૈયાર છતાં ફેરિયાઓ ફૂટપાથ ઉપર!!



કોર્પોરેશનનો મૂળ ઉદ્દેશ શાકભાજી અને ફળના ફેરિયાઓને નિર્ધારિત જગ્યાએ ખસેડવાનો હતો, જેથી રસ્તા અને ફૂટપાથ રાહદારીઓ તથા વાહનવ્યવહાર માટે ખુલ્લા થઈ શકે. પરંતુ ગ્રાઉન્ડ પરની સ્થિતિ જોતા જ્યાં ફેરિયાઓ પહેલાં બેસતા હતા ત્યાં આજે પણ બેસે છે અને બીજી તરફ તેમના માટે બનાવાયેલી માર્કેટ ખાલી પડી છે. એટલે કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ જે સમસ્યા દૂર કરવા માટે યોજના બનાવાઈ હતી તે યથાવત્ છે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં રસ્તા અને ફૂટપાથ પર શાકભાજી-ફળનું વેચાણ કરતા ફેરિયાઓને વ્યવસ્થિત જગ્યા આપી છે, જાહેર રસ્તાઓ પરનું દબાણ અને ટ્રાફિકની સમસ્યા ઘટાડવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરભરમાં 31 વેજીટેબલ માર્કેટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પૈકી 19 જગ્યાએ માર્કેટ તૈયાર થઈ ગઈ છે, બે જગ્યાએ કામ ચાલી રહ્યું છે, ચાર જગ્યાએ માર્કેટ નહીં બનાવવાનો નિર્ણય લેવાયો છે. જોકે, આ સમગ્ર યોજનામાં અત્યાર સુધીમાં 68 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થઈ ચૂક્યો હોવા છતાં મૂળ હેતુ જ અધૂરો રહ્યો છે. એક તરફ તૈયાર થયેલી અનેક માર્કેટમાં ફેરિયાઓ બેસતા નથી અને બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં શાકભાજી તથા ફળના વિક્રેતાઓ આજે પણ રોડ અને ફૂટપાથ પર જ ધંધો કરી રહ્યા છે. પરિણામે ટ્રાફિક અને જાહેર માર્ગો પરના દબાણની સ્થિતિમાં ખાસ કોઈ ફેરફાર થયો નથી. કોર્પોરેશનનો મૂળ ઉદ્દેશ શાકભાજી અને ફળના ફેરિયાઓને નિર્ધારિત જગ્યાએ ખસેડવાનો હતો, જેથી રસ્તા અને ફૂટપાથ રાહદારીઓ તથા વાહનવ્યવહાર માટે ખુલ્લા થઈ શકે. પરંતુ ગ્રાઉન્ડ પરની સ્થિતિ જોતા જ્યાં ફેરિયાઓ પહેલાં બેસતા હતા ત્યાં આજે પણ બેસે છે અને બીજી તરફ તેમના માટે બનાવાયેલી માર્કેટ ખાલી પડી છે. એટલે કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ જે સમસ્યા દૂર કરવા માટે યોજના બનાવાઈ હતી તે યથાવત્ છે.

'ગુજરાત સમાચાર' દ્વારા 19 પૈકી છ વેજીટેબલ માર્કેટની ગ્રાઉન્ડ રિયાલિટી તપાસવામાં આવી હતી. જેમાં માત્ર ગોતા વિસ્તારમાં દેવનગર ગામમાં આવેલી વેજીટેબલ માર્કેટમાં મોટાભાગના થડા ભરાયેલા જોવા મળ્યા હતા. ચાંદલોડિયામાં માત્ર બે-ચાર લોકો જ ધંધો કરતા જોવા મળ્યા હતા.

જ્યારે બોડકદેવમાં માર્કેટની અંદર થડા ખાલી પડ્યા હતા અને મોટાભાગના શાકભાજી અને ફળના વિક્રેતાઓ બહાર ફૂટપાથ પર બેસીને ધંધો કરતા જોવા મળ્યા હતા. આ સ્થિતિ દર્શાવે છે કે માર્કેટ ઊભી કરવામાં આવી છે, પરંતુ ફેરિયાઓને તેમાં ખસેડવાની પ્રક્રિયા અસરકારક રીતે અમલમાં આવી નથી.

### જમાલપુર બ્રિજ નીચે

## શાકભાજીની ગાડીઓ અને દબાણોના કારણે ટ્રાફિકજામ

### એમ્બ્યુલન્સને નીકળવું પણ મુશ્કેલ : રોજની સમસ્યા છતાં પોલીસ-AMCની કાર્યવાહી નહીં

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ટ્રાફિક અને દબાણો દૂર કરવા મ્યુનિસિપલ કમિશનર તથા પોલીસ કમિશનરના કડક આદેશો છતાં જમાલપુર બ્રિજ નીચે રોજિંદી ટ્રાફિક સમસ્યા યથાવત્ છે. બ્રિજ નીચે શાકભાજીની ગાડીઓ અને રિક્ષા- લારીઓના બેફામ ખડકલાના કારણે સર્જાતી ભારે હાલાકીનો વીડિયો એક જાગૃત નાગરિકે સોશિયલ મીડિયામાં વાઈરલ કરી તંત્રની નિષ્ક્રિયતા ઉઘાડી પાડી છે.



સ્થાનિકોના જણાવ્યા મુજબ, જમાલપુર બ્રિજ નીચે દરરોજ સવારે 10થી 15 જેટલી શાકભાજીની ગાડીઓ જાહેર રોડ પર જ ઊભી રહી જાય છે. આ ગેરકાયદે દબાણોના કારણે એટલો સખત ટ્રાફિકજામ સર્જાય છે કે 108 એમ્બ્યુલન્સને પસાર થવામાં પણ ભારે મુશ્કેલી પડે છે. આ ઉપરાંત સવારના સમયે બાળકોને સ્કૂલે મૂકવા જતા વાલીઓ પણ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ પડે છે.

અમદાવાદના કોટ વિસ્તારમાં આવતા જમાલપુર ખાતે મધ્ય અને દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગ તેમજ ટ્રાફિક પોલીસની હાજરી હોવા છતાં કોઈ યોગ્ય કામગીરી કરવામાં આવતી નથી. ઉચ્ચ અધિકારીઓના આદેશોનું પાલન કરાવવામાં નીચેના કર્મચારીઓ નિષ્ફળ નીવડ્યા છે. અવારનવાર ફરિયાદો કરવા છતાં AMC અને પોલીસ દ્વારા કોઈ કડક પગલાં ન લેવાતાં હોવાનું સ્થાનિકોએ જણાવ્યું.

### 15 ઓગસ્ટની મોડી રાત્રે રાણીપ પોલીસ સ્ટેશન સામે જ લોહિયાળ ખેલ

## RTO ચાર રસ્તા પાસે 37 વર્ષીય યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી નિર્મમ હત્યા!

### જુગારના દાવની રકમમાંથી અલગ-અલગ પોલીસકર્મીઓને નિયમિત હપ્તા/ભરણ પહોંચાડવાની ચર્ચાઓ જો સાચી હોય, તો ખાખી વર્દીની છબી ખરડાવા બદલ જવાબદારો સામે શું પગલાં લેવાશે?

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના ધજાગરા ઉડાવતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. સમગ્ર દેશ જ્યારે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં મગ્ન હતો, ત્યારે ૧૫ ઓગસ્ટની મોડી રાત્રે આશરે અઢી વાગ્યાના સુમારે રાણીપ વિસ્તારમાં આવેલ RTO ચાર રસ્તા પાસે અજય સાલવી નામના ૩૭ વર્ષીય યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે ઘાતક હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. આ લોહિયાળ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને ફફડાટ વ્યાપી ગયો છે.



પ્રાથમિક તપાસમાં ખુલેલી વિગતો અનુસાર, આ કરૂણ ઘટના પાછળ અગાઉ થયેલી મારામારી અને અંગત અદાવત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. થોડા દિવસો પહેલાં મૃતક અજય સાલવી અને હુમલાખોરો વચ્ચે સામાન્ય બાબતમાં બોલાચાલી થઈ હતી, જેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ જૂની અદાવત મનમાં રાખીને આરોપીઓ બદલો લેવાની ફિરાકમાં હતા. મોડી રાત્રે અજય સાલવીને એકલો જોઈને હુમલાખોરોએ તેના પર તીક્ષ્ણ હથિયારોથી આડેધડ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

આ સનસનાટીભર્યા હત્યાકેસમાં રાણીપ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે આ મામલે અંકિત પરમાર, વિશાલ પરમાર અને સાગર ચૌહાણ સહિત ૧૦થી પણ વધુ લોકોના ટોળા સામે ગુનાહિત કાવતરું અને હત્યા અંગેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહત્વની વાત એ પણ સામે આવી છે કે મૃતક અજય સાલવી તેમજ હુમલો કરનારા આરોપીઓ બંને પક્ષો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

## દાણીલીમડામાંથી લાખોના MD ડ્રગ્સ સાથે બે પેડલર ઝબ્બે, મુખ્ય સપ્લાયર ફરાર!

અમદાવાદ

અમદાવાદ શહેરને નશાના કારોબારમાંથી મુક્ત કરાવવા માટે સક્રિય બનેલી ક્રાઈમ બ્રાન્ચે વધુ એક સફળ રેડ પાડીને ડ્રગ્સના નેટવર્ક પર આકરો પ્રહાર કર્યો છે. શહેરના સંવેદનશીલ ગણાતા દાણીલીમડા વિસ્તારમાંથી ગુપ્ત બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને લાખોની કિંમતનું એમ.ડી. ડ્રગ્સ (Mephedrone) જપ્ત કર્યું છે અને આ કાળા કારોબારમાં સંકળાયેલા બે આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી કુલ ૨.૨૮ લાખ રૂપિયાની કિંમતનો ૭૬ ગ્રામથી વધુનો એમ.ડી. ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બે આરોપીઓ ગિરફ્તાર: મુસ્તાક અને યાસીન જેલહવાલે. દરોડા દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે સ્થળ પરથી બે શખ્સોની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીઓમાં: મુસ્તાક સૈયદ, યાસીન અન્સારી આ બંને શખ્સો સ્થાનિક વિસ્તારમાં ડ્રગ્સનું છૂટક વેચાણ કરી યુવાધનને નશાના માર્ગે ધકેલવાનું નેટવર્ક ચલાવી રહ્યા હતા. પ્રાથમિક પૂછપરછ દરમિયાન સામે આવ્યું છે કે આ ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સૂત્રધાર નફીશ શેખ છે, જે હાલ પોલીસની રેડ બાદ ફરાર થઈ ગયો છે.

### નકલી AMC કર્મચારીઓની હાઈટેક ગેંગનો પર્દાફાશ

## રેડિયમ જેકેટ પહેરી, ક્રેન લાવી BSNLના 7 લાખના કોપર વાયરની ચોરી કરતી ટોળકી ઝડપાઈ!



અમદાવાદ

અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાંથી ગુનાખોરીનો એક અત્યંત શાતિર અને અકલ્પનીય કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના કર્મચારીઓનો સ્વાંગ રચીને દિન-દહાડે જાહેર રસ્તા પર સરકારી મિલકત લૂંટતી એક હાઈટેક ચોર ટોળકીનો વાસણા પોલીસે પર્દાફાશ કર્યો છે. કોઈને સહેજ પણ આશંકા ન જાય તે માટે AMC ના રેડિયમ જેકેટ પહેરીને ટ્રાફિક મેનેજમેન્ટ કરવાના નામે BSNL ની ભૂગર્ભ કેબલ લાઈનમાંથી કરોડોના મૂલ્ય ધરાવતા કોપર વાયરની ચોરી કરવાનો ખેલ ચાલતો હતો.

ચોરી માટે ફિલ્મી પ્લાનિંગ: AMC ના ગણવેશનો ગેરફાયદો ઉઠાવી, ક્રેન અને ભારે મશીનરી લાવીને ખુલ્લા રસ્તા પર જ BSNL ના ઢંક તોડી કોપર વાયર ગાયબ કરી દેવાતા હતા. જાહેર રસ્તા પર ખુલ્લેઆમ ચાલતી આ કામગીરી અંગે વાસણા પોલીસને શંકા જતાં ત્વરિત તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો કે આ કોઈ સરકારી કામકાજ નહીં પણ ૮થી વધુ શખ્સોની સંગઠિત ચોર ટોળકીનું કારનામું હતું. પોલીસે સ્થળ પરથી જ દરોડો પાડીને રવિકાંત શર્મા, વિષ્ણુ યાદવ, જાતેષ યાદવ અને રાહુલ ભરવાડ નામના ચાર શાતિર ચોરોની ધરપકડ કરી લીધી છે.

જાહેર રસ્તાઓ પર ક્રેન લાવીને, જેકેટ પહેરીને અને ટ્રાફિક રોકીને ૭ લાખ રૂપિયાના વાયર ચોરાઈ જાય ત્યાં સુધી AMC ના અધિકારીઓ કે સ્થાનિક પેટ્રોલિંગ ટીમને ગંધ સુદ્ધાં ન આવી તે બાબત અત્યંત ગંભીર છે. વાસણા પોલીસે હાલમાં આ ટોળકીમાં સામેલ અન્ય ફરાર ૪થી વધુ સાગરીતોની શોધખોળ શરૂ કરી છે અને આ ગેંગે ભૂતકાળમાં અન્ય ક્યાં-ક્યાં આ પ્રકારે ચોરી કરી છે તેની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી છે.

### અમદાવાદમાં ખાખી શરમાઈ

## TRB જવાને PSIને કહી દીધું - "તારા આંતરડા બહાર કાઢી નાખીશ, આ મારો ઈલાકો છે!"

અમદાવાદ

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ પોલીસ બેડામાં અસ્તિત્વ ધરાવતા શિસ્ત પર સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં જનતાની સુરક્ષા માટે તૈનાત ટ્રાફિક પોલીસ સ્ટેશનના એક PSIને જ તેમના જ નીચે કામ કરતા TRB જવાને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકી આપી છે. ખાખી વર્દીનો ડર હવે સામાન્ય ગુનેગારો તો ઠીક, પણ પોલીસ દળ સાથે જોડાયેલા નીચલા સ્તરના કર્મચારીઓમાં પણ રહ્યો નથી તેવું આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે. અમદાવાદના એમ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા PSI ભરત પંડ્યાએ વાસણા પોલીસ સ્ટેશનમાં એક ગુનો દાખલ કરાવ્યો છે. આ કેસની વિગત એવી છે કે PSI ભરત પંડ્યાના તાબા હેઠળ કામ કરતો TRB જવાન સતત પોતાની કાયદેસરની ફરજ પર ગેરહાજર રહેતો હતો. સરકારી કામગીરીમાં બેદરકારી અને અનિયમિતતા દાખવતા આ TRB જવાન સામે PSI ભરત પંડ્યાએ ઉપરી અધિકારીઓને નિયમાનુસાર રિપોર્ટ કર્યો હતો. પોતાના વિરુદ્ધ થયેલા આ કાયદેસરના રિપોર્ટથી અકળાયેલા TRB જવાને તમામ મર્યાદાઓ ઓળંગીને PSIને સીધી જ ધમકી આપી દીધી હતી. TRB જવાને કોઈ પણ જાતના ખોફ વગર PSI ભરત પંડ્યાને રોકડા પરખાવી દીધા હતા કે, જો મારા વિરુદ્ધ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરી છે તો તારા આંતરડા બહાર કાઢી નાખીશ. આટલેથી ન અટકતા તેણે એવું ગર્જન પણ કર્યું હતું કે આ મારો ઈલાકો છે. એક ઉપરી અધિકારી સામે આ પ્રકારની ગુંડાગીરી અને ઘાતક બોલચાલથી પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવા છતાં જાનનું જોખમ ઊભું થતાં, PSI ભરત પંડ્યાએ આ મામલે તાત્કાલિક ધોરણે વાસણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો.

### નવી ફીડર AMTS બસ સેવા શરૂ

## એપરલ પાર્ક મેટ્રો સ્ટેશનથી અમરાઈવાડી અને મણિનગર વિસ્તારનો 10 કિમીનો સર્ક્યુલર રૂટ

■ **નવા ફીડર રૂટની વિગતો મુજબ, ફીડર-8 (સર્ક્યુલર) અને ફીડર-9 (એન્ટી સર્ક્યુલર) રૂટની બસ સેવા એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન (ન્યૂ કોટન મિલ) થી શરૂ થઈ ફરી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન સુધી પહોંચશે**



અમદાવાદ

અમદાવાદમાં જાહેર પરિવહન સેવાનો ઉપયોગ લોકો વધુ કરે અને મેટ્રો સ્ટેશનથી લોકોને વિવિધ જગ્યાઓએ જવા માટે સરળતા રહે તેના માટે AMTSએ પૂર્વ વિસ્તારમાં એપરલ પાર્ક મેટ્રો સ્ટેશનથી અમરાઈવાડી, હાટકેશ્વર, મણીનગર, ખોખરા થઈને પરત એપરલ પાર્ક મેટ્રો સ્ટેશનની ફીડર બસ રૂટ-8 (સર્ક્યુલર) અને ફીડર રૂટ-9 (એન્ટી સર્ક્યુલર) શરૂ કર્યો છે. મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ સહિતના નેતાઓએ લીલી ઝંડી બતાવી નવા AMTS બસ રૂટની શરૂઆત કરાવી હતી.

એપરલ પાર્ક મેટ્રો સ્ટેશનથી શરૂ કરાયેલા નવા ફીડર રૂટમાં ભાલકિયા મિલ, અનાજ બજાર, મદ્રાસી મંદિર, એલ.જી. હોસ્પિટલ, કૃષ્ણબાગ, મણિનગર ટર્મિનસ, દક્ષિણી સોસાયટી, આશાપુરી સોસાયટી (આવકાર હોલ), ગુજરાત હાઉસિંગ બોર્ડ (હરિપુરા), હાટકેશ્વર સર્કલ અને અમરાઈવાડી સહિતના મહત્વના સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા ફીડર બસ રૂટમાં પુખ્ત વયના મુસાફર માટે રૂ. 5 અને બાળક માટે રૂ. 3નું વિશેષ ભાડું નક્કી કરવામાં આવ્યું છે. નવા ફીડર રૂટની વિગતો મુજબ, ફીડર-8 (સર્ક્યુલર) અને ફીડર-9 (એન્ટી સર્ક્યુલર) રૂટની બસ સેવા એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન (ન્યૂ કોટન મિલ)થી શરૂ થઈ ફરી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન સુધી પહોંચશે. આ રૂટની કુલ લંબાઈ 9.95 કિલોમીટર છે. મુસાફરોની સુવિધા માટે કુલ 2 બસ, જેમાં 1 સર્ક્યુલર અને 1 એન્ટી સર્ક્યુલર બસનો સમાવેશ થાય છે અને બંને રૂટ પર મળીને દૈનિક 32 ટ્રિપ, એટલે કે 16 સર્ક્યુલર અને 16 એન્ટી સર્ક્યુલર ટ્રિપનું આયોજન કરવામાં આવ્યું છે. બસ સેવા દર 40થી 45 મિનિટની ફ્રિક્વન્સી સાથે ઉપલબ્ધ રહેશે. આ સેવા માટે SMC પ્રકારની બસો કાર્યરત રહેશે, જ્યારે બસોનું પાર્કિંગ ડેપો જમાલપુર રહેશે.

## ટ્રકની પાછળ બીજી ટ્રક ઘુસી જતા ડ્રાઇવરનું મોત

### નરોડા રિંગરોડ રણાસણ ટોલ ટેક્સ પાસે રોડ વચ્ચે ગેરકાયદે ઉભી રાખીને પાર્કિંગ લાઇટ કે કોઇ આડસ મૂકી ન હતી

અમદાવાદ

અમદાવાદના નરોડા રિંગરોડ સ્થિત રણાસણ ટોલ ટેક્સ પાસે ગત 15 ઓગસ્ટે રસ્તાની વચ્ચે પાર્કિંગ લાઈટ કે બેરીકેટિંગ વગર ઉભેલી એક ટ્રક સાથે પાછળથી આવી રહેલી આઈસર ટ્રક અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં આઈસર ટ્રકચાલક 35 વર્ષીય સમીરકુમાર શેરસિંહ ચૌધરીને ગંભીર ઈજા થઈ હતી, જેનું સારવાર દરમિયાન મોત થયું હતું.



મૂળ હરિયાણાના રહેવાસી સમીરકુમાર ચૌધરી ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. અકસ્માત સમયે તેઓ પોતાની આઈસર ટ્રક લઈને રણાસણ ટોલ ટેક્સ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ડિવાઈડરની બાજુમાં રસ્તાની વચ્ચે કોઈપણ આડસ કે પાર્કિંગ લાઈટ ચાલુ રાખ્યા વગર એક ટ્રક પાર્ક કરેલી હોવાથી સમીરકુમારની ટ્રક તેમાં પાછળથી ઘુસી ગઈ હતી.

અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા સમીરકુમારને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમણે દમ તોડ્યો હતો. આ બનાવ અંગે જી ડિવિઝન ટ્રાફિક પોલીસે બેદરકારીપૂર્વક વાહન પાર્ક કરનાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI